ISSN 0976-9609 V-Vidyanagar

વર્ષ: ૧૯ અંક: ૧૨ ડિસેમ્બર ૨૦૧૭ સળંગ અંક: ૫૫૪

# વિ-વિદ્યાનગર



चरुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

CHARUTAR VIDYAMANDAL

(Est. : 1945)

Vallabh Vidyanagar-388120

www.ecvm.net



ચારુતર વિદ્યામંડળ દ્વારા સરદાર પટેલ સાહેબની ૧૪૩મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં ચારુતર વિદ્યામંડળ, ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ, ચારુતર આરોગ્ય મંડળ અને વલ્લભ વિદ્યાનગર નગર પાલિકાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. અન્ય તસવીરમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. શિરીષ કુલકર્ણી અને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ પ્રવચન કરતા નજરે પડે છે.




**વિ-વિદ્યાનગર**

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશક**

**ડિસેમ્બર-૨૦૧૭**

વર્ષ-૧૯ અંક : ૧૨

સળંગ અંક : ૫૫૪

ISSN 0976-9609-V Vidyanagar

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

**સ્થાપના વર્ષ : ૧૯૪૫**


कर्मण्येवाधिकारस्ते ।


**તંત્રી**

ઉર્વીશ છાયા

**પરામર્શન**

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

આર. પી. પટેલ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • અનિતા એ. સાળુંકે

**પ્રકાશક**

ડૉ. એસ. જી. પટેલ

માનંદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી-આણંદ

**અધ્યક્ષ**

ડૉ. સી. એલ. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી. એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

શ્રી એમ. જે. પટેલ

**ડાયરેક્ટર જનરલ**

ડૉ. એન. એમ. ઝવેરી


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલોજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ• સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવોસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેર કૉલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેકચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સ ડિગ્રી કૉલેજ.


• અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- • રવાનગી ખર્ચ : ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- • આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામાયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. (વિ) નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિત પણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**'વિ-વિદ્યાનગર'**
**ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ**
www.ecvm.net
**પર મૂકવામાં આવે છે.**
**દેશ-વિદેશના વાચકોને**
**પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**આ માસની વિચારકણિકા**

જો તૂ ચાહે મુગતિ કો, છોડ દે સબકી આસ
મુક્ત હી જૈસા હો રહે, સબ કુછ તેરો પાસ
-કબીર


**વિ-વિદ્યાનગર**
**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**
**ડિસેમ્બર-૨૦૧૭**
વર્ષ-૧૯ અંક : ૧૨
સળંગ અંક : ૫૫૪
ISSN 0976-9609-V Vidyanagar


• • • •

**दुःखेष्वनुंद्विग्नमनाः सुखेषु विगत स्पृहः।**
**वीतरागभय क्रोधः स्थितधीर्मुनिरुच्यते॥**

જે મનુષ્ય ત્રિવિધ સંતાપોમાં પણ મનમાં વિચલિત થતો નથી અથવા સુખ પામી રાજી થતો નથી અને જે આસક્તિ, ભય તથા ક્રોધથી મુક્ત છે. તે સ્થિર મનવાળો મુનિ કહેવાય છે.

(સંપાદક : પ્રિ. ઘનશ્યામસિંહ એન. ગઢવી)


|| અધ્યક્ષસ્થાનેથી || **મારી સેવાયાત્રાના સહયોગીઓ...**
ડૉ. સી. એલ. પટેલ ૩
|| પ્રાથમ્ય || **સંપૂર્ણતાની સમીપે**
એસ. જી. પટેલ ૫
|| આપણો વૈભવ અને વારસો || **પદ્ય વિભાગ**
ત્રિકમસાહેબ, મીરાંબાઈ, ખીમ સાહેબ, કાજી મહંમદ ૭
|| આપણો વૈભવ અને વારસો || **ગદ્ય વિભાગ - એક પત્ર**
કનૈયાલાલ મુનશી ૮
|| નવાં કાવ્યો ||
પ્રજ્ઞા પટેલ, વિપુલ દેસાઈ, ગૌરીશ પોરીઆ, સાહિલ ૯
|| નિબંધ || **ગ્લોબલ વીલેજ : વલ્લભવિદ્યાનગર**
મણિલાલ હ. પટેલ ૧૦
|| ટૂંકીવાર્તા || **રીલેટીવીટી : અનધર એંગલ**
હરીશ મહુવાકર ૧૨
|| સંસ્મરણ || **દિવંગતા સાથે ડાયલૉગ**
કેશુભાઈ દેસાઈ ૧૫
|| અભ્યાસ || **અધ્યાય -૧૦ વિભૂતિયોગ**
ઘનશ્યામસિંહ ગઢવી ૧૮
|| વ્યાખ્યાન || **H M : A Phenomenon ...**
Sulabha Natraj ૨૧
|| સાંપ્રત || **The Nobel in economics...**
Rajendrasinh Jadeja ૩૦
|| અભ્યાસ || **યોગ અંગેની ભ્રામક માન્યતાઓ**
પી. ડી. શર્મા ૩૧
|| આયુર્વેદ || **શરદઋતુમાં વિરેચન-આયુર્વેદોક્ત શોધનક્રિયા**
ડૉ. મલ્હારી કે. સરદેશપાંડે, ડૉ. અમીતા પટેલ ૩૨
|| અહેવાલ || **સરદાર વંદના**
એસ. કે. ઉપાધ્યાય ૩૪
|| વિદ્યાવૃત || ૩૫

# મારી સેવાયાત્રાના સહયોગીઓ...

ડૉ. સી. એલ. પટેલ

વલ્લભવિદ્યાનગરની ભૂમિ પર બ્રહ્મસ્વરૂપ પરમપૂજ્ય શાસ્ત્રીજી મહારાજ, પ.પૂ. યોગીજી મહારાજ અને પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજનાં પાવન પગલાંથી તથા તેમના આશીર્વાદથી અહીં વિદ્યા-સંસ્કારનો સતત ચેતોવિસ્તાર થતો રહ્યો છે. આવી પવિત્ર ભૂમિ પર મને પ. પૂ. પ્રમુખસ્વામીના આશીર્વાદ અને આજ્ઞાથી વિદ્યાકીય ક્ષેત્રે સેવાપ્રવૃત્ત થવાની તક મળી છે તેને હું મારું સદ્‌નસીબ સમજું છું.

ઈ. સ. ૧૯૯૩માં ડૉ. એચ. એમ. પટેલનું નિધન થતાં નવા ચેરમેન માટે જાહેર થયેલી ચૂંટણીમાં અન્ય ઉમેદવારો સાથે પ. પૂ. પ્રમુખસ્વામીની આજ્ઞાથી મેં પણ ઉમેદવારી નોંધાવેલી. એ વખતે સર્વાનુમતિ માટે પ્રયત્નો થતાં અન્ય ઉમેદવારોએ મારી તરફેણમાં ઉમેદવારી પાછી ખેંચેલી. અલબત્ત, આનંદભાઈ અમીને સમયમર્યાદા બાદ ઉમેદવારીપત્ર પરત ખેંચતાં ચૂંટણીની ઔપચારિકતા કરવી પડેલી. જેમાં હું મંડળના અધ્યક્ષ તરીકે ચૂંટાયેલો.

ચૂંટાયા પછી પૂ. પ્રમુખસ્વામીના આશીર્વાદ લેવા સારંગપુર ગયો ત્યારે તેમણે મને ગુલાબનો મોટો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા. એટલું જ નહિ ચેરમેન તરીકેનો કાર્યભાર સંભાળવાના સમયે તેમણે મને અધ્યક્ષની ખુરશી પર બેસાડી આશીર્વાદ આપતાં કહ્યું કેઃ ‘‘સી. એલ! તમારી સાથે શાસ્ત્રીજી મહારાજ રહેશે અને તમારા થકી બધા સંકલ્પો પૂરા કરશે.’’ જ્યોતિ લિમિટેડવાળા નાનુભાઈ અમીને પણ કહ્યુંઃ ‘‘સી. એલ. ના ખભા મજબૂત છે તેથી સઘળી જવાબદારી તેઓ નિભાવી શકશે.’’

અધ્યક્ષ તરીકેની જવાબદારીનાં ૨૪ વર્ષ અને એ પૂર્વે સહમંત્રી તરીકેની કામગીરીનાં સાડા ત્રણ વર્ષ મળી કુલ ૨૮ વર્ષ (એ દરમિયાન સેનેટ-સિન્ડિકેટમાં પણ) ચારુતર વિદ્યામંડળ થકી હું વિદ્યાકીય-વહીવટીય ક્ષેત્રે સેવાપ્રવૃત રહી શક્યો છું. અલબત્ત, આ દરમિયાન અનેક અવરોધો- મુશ્કેલી આવવા છતાં, પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના અહર્નિશ

આશીર્વાદથી અને સાથીદારોના સહયોગથી એમાંથી પાર ઉતરી, આ નગરની વિદ્યાકીય વિકાસ સમૃદ્ધિમાં યથાશકિત-મતિ સહયોગી બની શકયો છું તેનો આજે મને આનંદ અને સંતોષ છે.

મારી આ દીર્ઘ સેવાપ્રવૃત્તિની વચ્ચે બે મોટી બીમારી આવી ગઈ. ઑગસ્ટ-૨૦૧૫માં આંતરડાનું ટ્યૂમર થતાં મદ્રાસ ખાતે સર્જરી કરાવવી પડેલી. ત્યાર બાદ સપ્ટેમ્બર-૨૦૧૭માં હાર્ટ એટેક આવતાં આણંદની ઝાયડસ હોસ્પિટલમાં દાખલ થવું પડેલું. આ બંને બીમારી વખતે પરદેશમાં રહેતા મારા દીકરા-દીકરીઓ અને તેમનો પરિવાર મારી સેવામાં ખડે પગે હાજર રહ્યો. ડૉકટરોની સારવાર; પરિવારજનોની સેવા અને ઈશ્વરીકૃપાથી હવે હું હેમખેમ બીમારીમાંથી બહાર નીકળી સાજો થતો જાઉં છું. પુનઃ તંદુરસ્તી અને સ્વસ્થતા આવતી જાય છે.

સેવા કરવા માટે શારીરિક તંદુરસ્તી અને સ્વસ્થતા અનિવાર્ય છે ત્યારે મને પુનઃ સેવાપ્રવૃત્ત માટે સાજો કરવામાં પ. પૂ. પ્રમુખસ્વામી તથા પ. પૂ. મહંતસ્વામીના આશીર્વાદ, મારા દીકરા (શૈલેશ-વ્રજેશ), દીકરીઓ તથા તેમનાં - પરિવારજનોની સેવા, હૉસ્પિટલના ડૉ. કૌશલ પૂંજારા, ડૉ. મૌલિક શાહ, ડૉ. પરિમલ સાલ્વી, ડૉ. હેમંત અંતાણી તથા તેમના સ્ટાફની સારવાર, તેમજ સ્વજનો, મિત્રો, સ્નેહી-શુભેચ્છકોની મારા પ્રત્યેની લાગણી ઉપકારક નીવડયાં છે. આ માટે તે સૌ પ્રત્યે ઋણભાવ વ્યકત કરું છું.

અંતમાં, મારી આ વિદ્યાકીય સેવાયાત્રા થકી બાકી સંકલ્પો સાકાર કરવા, મને વિશેષ શારીરિક-માનસિક તંદુરસ્તી-સ્વસ્થતા-શક્તિ સાંપડે એ માટે પ. પૂ. પ્રમુખસ્વામી તથા પ.પૂ. મહંતસ્વામી મહારાજના ચરણોમાં વંદનાસહ પ્રાર્થના છે.

અસ્તુ.

૧૬/૧૧/૨૦૧૭

|| પ્રાથમ્ય ||

# સંપૂર્ણતાની સમીપે

**એસ. જી. પટેલ**

આપણે જ્યારથી ગણતરી કરવાની શરૂઆત કરી ત્યારથી જે અંકોનો ઉપયોગ કરીએ છીએ એ બધા પૂર્ણાંકો છે. પૂર્ણાંકો માટે અંગ્રેજી શબ્દપ્રયોગ Integer છે. તેના પરથી integral-પૂર્ણ, integrate-પૂર્ણ કરવું. અને integrity-સંપૂર્ણતા જેવા શબ્દોનો વંશવેલો ચાલ્યો છે. ઈન્ટીગ્રીટી માટેના નજીકના શબ્દાર્થ 'સાકલ્ય', 'અખંડિતતા', 'પ્રામાણિકતા' જેવા અનેક મળે છે. આપણા વ્યક્તિત્વ વિકાસમાં આ ઈન્ટીગ્રીટીની ખૂબ જ જરૂર છે. સામાન્ય રીતે મનુષ્ય જેમ વિચારે છે, તેવો જ તે બને છે અને તેવું જ જીવન તેને મળે છે. આજના અધીરાઈ, ઉશ્કેરાટ, આક્રમકતા, ઘર્ષણ, ગરમા ગરમ દલીલો, કલેશ અને અશાંતિના જમાનામાં વર્ષો પહેલાં લખાયેલ પુસ્તક As a man Thinketh (1903) ના લેખક જેમ્સ એલનના વિચારો આજે પણ યથાર્થ લાગે છે. તેઓ માનતા હતા કે દરેક મનુષ્ય વિચારની શક્તિથી પ્રસિદ્ધિ અને સુખ સમૃદ્ધિ જીવનમાં લાવી શકે છે. જેમ્સ એલને(૧૮૬૪-૧૯૧૨) કપરી આર્થિક પરિસ્થિતિના કારણે માત્ર પંદર વર્ષની ઉંમરે શાળા છોડી કુટુંબના ભરણપોષણ માટે નોકરી કરી, પણ જીવનનો બાકીનો સમય લેખનકાર્ય માટે સમર્પિત કર્યો. તેમણે વ્યવહારુ બાબતો કે જે પોતાની જિંદગીમાં જાતે જીવ્યા હોય તેવી વાતો ઉપયોગી સંદેશ તરીકે લખતા રહ્યા હતા.

વર્તમાન સમયમાં આપણે સૌ ઈમાનદારી, પવિત્રતા, પૂર્ણતા, શુદ્ધતા, સત્યનિષ્ઠા, સમગ્રતા, સમેકતા, શરાફતના આગ્રહી બનીએ છીએ ત્યારે આપણામાં આવા ગુણોનો વિકાસ કરવા શું કરી શકાય તેના વિશે ચિંતન કરીએ. વ્યક્તિગત સંપૂર્ણતા એ એક એવો ગુણ છે. જેમાં ઉપરોક્ત તમામ બાબતોનો સમાવેશ થઈ જાય. આ વ્યક્તિ પોતાની સાથે તેમજ અન્ય સૌ કોઈ સાથે પ્રામાણિકતાથી વર્તે અને એવું જીવન જીવે કે જેની સાથે પોતાના જીવન માટેની નૈતિકતા સાથે કોઈ બાંધ છોડ ન કરે. જે વ્યક્તિ પર્સનલ ઈન્ટીગ્રીટી વિકસાવવા ઈચ્છે તેણે પોતાની માન્યતાઓ અને મૂલ્યોની બરાબર ચકાસણી કરી લેવી અને જે કોઈ પગથિયાં ચઢવાં હોય તે દરેક પગલું ભરવાથી ખાસ આદર્શો અને મૂલ્યો સાથે કેટલો તાલમેલ થશે એ વિશે વિચારી લેવું પડે.

તમારા વર્તનની કઈ બાબતમાં ફેરફાર કરવા જેવો છે તે શોધી કાઢો. તમારા કાર્યાલયમાં, ઘરે અથવા સામાજિક પરિસ્થિતિઓમાં કઈ બાબત તમારા વ્યક્તિ વિકાસમાં અવરોધક છે તેનું અવલોકન કરો. જેમ કે તમો કોઈ કારણસર તમારા કામના સ્થળે સમયસર પહોંચતા નથી અને પોતાની સાથે શરમિંદાપણું અનુભવો છો અને રોજ જુદા જુદા બહાનાં બતાવવાં પડે છે, તો તેમાં શું પરિવર્તન કરો કે જેનાંથી આવી નાજૂક પરિસ્થિતિમાંથી પોતાની જાતને બચાવી શકાય.

વ્યક્તિગત સંપૂર્ણતા વધારવામાં કયા કારણો જવાબદાર છે તે નક્કી કરો. શક્ય છે કે તમને નાપસંદ કાર્ય કરવામાં તમારી આવડતનો અભાવ ખુલ્લો પડી જવાની બીકે તમો એ કાર્ય તમારા સાથીને સોંપવા માટે તમારા ઉપરી અધિકારી પર દબાણ કરો છો. આપણા રોજિંદા જીવનમાં અનેક પ્રસંગો એવા આવે કે જેમાં તમારે છટકબારીની જરૂર છે, પણ તેવા પ્રસંગે કોઈપણ બહાનાં કાઢવાને બદલે હકીકતનો સ્વીકાર કરી મન્સા-વાચા-કર્મણામાં એકસૂત્રતા લાવવાની યુક્તિ જ તમારા જીવનમાં પૂર્ણતા તરફ આગળ વધવા મદદરૂપ થશે જ. યુક્તિયુક્ત પ્રયુક્તિ કરવા માટે તમારી બુદ્ધિશક્તિને કામે લગાડો. કદાચ એવું પણ બને કે આવું-તેવું કરવા જતાં એવો ભય ઊભો થાય કે બીજાઓ તમારા વિશે શું વિચારશે. આવા સંજોગોમાં નાના-મોટા કારણોસર ઊભા થતા પડકારો ઝીલી લેવા તૈયાર થાવ, એમાં કોઇ મોટું આભ તૂટી પડવાનું નથી.

જો આપ કોઈ સંગઠન કે સંસ્થાના વડા છો તો તમારા સાથી કાર્યકરો પ્રત્યે એટલા પ્રમાણિક રહો કે જેથી દરેક કર્મચારી પાસેની તમારી અપેક્ષાઓને અને તેમની કામગીરી બાબતે સંપૂર્ણ સ્પષ્ટતાઓ હોય. એમની ગેરહાજરીમાં ટીકા-ટીપ્પણી કે કુથલી કરવાનું ટાળો. તમારા વાણી-વ્યવહાર અને વર્તનમાં ક્યાંય વિસંવાદી ન હોય. જાણે અજાણ્યે કોઈની લાગણી ન દુભાય એની કાળજી રાખો.

તમારી વ્યક્તિગત પૂર્ણતાને પામવા સત્યતાની સાથે સામી વ્યક્તિનું સન્માન સચવાય એની સંપૂર્ણ કાળજી રાખો. મનભેદવાળી ચર્ચા કરતી વખતે આવેશમાં આવી જઈ સચ્ચાઈના અંચળા હેઠળ અસંસ્કારી બોલ ન બોલાઈ જાય તેની કાળજી રાખો. દિવસ દરમ્યાન કરવાના નાના-મોટા કામોની યાદી બનાવો જેથી કશું પણ જાણ્યે અજાણ્યે ભૂલી ન જવાય. એમાં ફેંકી દેવા જેવી વસ્તુઓનો પણ સમાવેશ થાય. લાઈટ બીલ, ટેલિફોન બીલ કે અન્ય બીલોની સમયસર ચૂકવણી કરવાથી તમો તમારી સાથે વધારે વિશ્વાસપાત્ર મનુષ્ય બનશો.

સામાન્ય રીતે આપણે આપણી ચીજવસ્તુઓ કે મિલકતની જાળવણી કરીએ છીએ, પણ અન્ય કોઈની માલિકીની ચીજવસ્તુ કે મકાન કે પ્લોટ વાપરતાં એટલી કાળજી રાખતા નથી. આ બરાબર નથી, એનાથી તમારી ઈન્ટીગ્રીટી  જોખમાય છે. ટૂંકમાં કહીએ તો બીજાઓની મિલકતનું પણ આપણે સન્માન કરવું જોઈએ. આ પ્રમાણે કોઈ પણ બાબતમાં ચર્ચા કરતા હોઈએ ત્યારે બીજાઓને ધ્યાનપૂર્વક સાંભળો અને એમના નિર્ણયો સાથે ભલે તમો સહમત ન થતા હોય તો પણ એનો આદર તો કરો જ. આવા આપણી વાણી અને વર્તનથી open mindedness અને Integrity માં જરૂરથી સુધારો થશે.

જો તમો એવી પરિસ્થિતિમાં હો કે જે સમયે તમો તમારા નાનકડા પુરુષાર્થ થકી અન્યને મદદ કરી શકો તો કરો જ. ''મારે શું એનું જે થવાનું હશે એ થશે''- એવા સંકલ્પોને તિલાજંલિ આપો. કદાચ એવું બને કે તમો સંપૂર્ણ મદદ ન કરી શકો, પણ આંગળી ચિંધ્યાનું પૂણ્ય કમાવાનું લક્ષ કેળવો. તમારામાં રોજબરોજ જે પ્રગતિ થઈ રહી છે તેની નોંધ લો. શક્ય છે કે તમો તમારા લક્ષથી ભલે ગમે તેટલાં દૂર હો તો પણ સાચી દિશામાં આગળ વધી રહ્યા છો એવી અનુભૂતિ થવાથી સંતુષ્ટતામાં વૃદ્ધિ થશે જે તમને પૂર્ણતા તરફ દોરી જશે. સવાર થતાં એવા વિચારો કરો કે આજનો દિવસ મારો શ્રેષ્ઠ જવાનો છે અને હું મારા પથ પર પ્રગતિ કરવાનો જ છું. આમ કરવાથી જેવું ઈચ્છો તેવું પરિણામ પામશો જ.

આપણે સર્વાંગ સંપૂર્ણ નથી. આપણે આપણા સાથીઓ સાથે મળી અનેક સત્કાર્યો કર્યા કરીએ છીએ. આપણા સાથીઓના મુખારવિંદ પરનું સ્મિત અને નાનકડી સલાહ-સૂચનની નોંધ લેવાની રાખો કે જેનાથી પોતાના પથ પર પ્રગતિનાં પગલાં પડતાં જ રહે. આપણે જે કંઈ કરતા હોઈએ તે બાબત સાથીઓ સાથે Share કરી લેવાથી પરસ્પરની ખુશીમાં ડગલે અને પગલે ઉમેરો થશે એમનો પ્રતિભાવ આપણા ઉત્સાહમાં ઉમેરો કરવામાં ઉદ્દિપક પૂરવાર થશે. મિત્રો અને સાથીઓ સાથે વિચારોનું મુક્તપણે આદાનપ્રદાન કરવાથી શક્ય છે કે કોઈવાર ભૂલ થઈ પણ જાય તો તે અંગે દિલગીરી વ્યક્ત કરવામાં જરાપણ સંકોચ ન રાખવો. તમારી માત્ર ભૌતિક હાજરીને કારણે પણ જો પરિસ્થિતિ વિકટ બની જાય તો બીજાઓ પર દોષારોપણ કરવાને બદલે આપણે આપણી જવાબદારીનો પણ સહર્ષ સ્વીકાર કરી લેવો. જો તમો જે તે ઘટના માટે તમારાથી શરતચૂક થઈ જવાનો અહોભાવ દર્શાવશો તો પણ આપની પૂર્ણતા તરફની દૃષ્ટિ સબળ થશે

આપણે જે સમાજમાં રહીએ છીએ તે સમાજની લાગણીઓથી દોરવાઈ તેમાં ખેંચાઈ જવાની જરૂર નથી. શક્ય એટલી આપણી સ્વતંત્ર વિચારસરણી જાળવી રાખી કઠીન સમયમાંથી પણ હિંમતપૂર્વક બહાર નીકળવા સમર્થ બનવું. સ્વીકાર કરો કે જીવન કઠીન જ છે, તો મુશ્કેલીઓથી ડગી જવાને બદલે એ મુશ્કેલીઓને પડકારો તરીકે સ્વીકારી પ્રગતિના પથ પર મક્કમતાથી આગળ વધી શકશો. એક વખત હેતુ નક્કી કર્યા પછી મનુષ્યે પોતાના મન-હૃદયમાં એક એવા સીધા રસ્તાનો નકશો બનાવવો જોઈએ, જે તેને ડાબે-જમણે  ભટકાવ્યા વિના સીધો જ તેને તેના ધ્યેય તરફ લઈ જાય. તેણે બધી શંકાઓ અને ડરને ખંતપૂર્વક પોતાના મનહૃદયમાંથી દૂર કરી દેવા જોઈએ. કારણ કે શંકા-ડર એવાં ભાંગફોડિયાં તત્ત્વો છે જે મનુષ્યના પ્રયત્નોના રાજમાર્ગને વાંકાચૂકા, નકામા અને બિનઉપયોગી ફાંટાઓમાં પલટી નાંખે છે. શંકા અને ડરથી મનુષ્ય ક્યારેય, કશું જ પ્રાપ્ત કરી શકતો નથી. તેઓ છેવટે મનુષ્યને નિષ્ફળતા તરફ જ દોરી જાય છે. આપણે જે ધારીએ છીએ તે કરી શકીએ છીએ, તેવા જ્ઞાનમાંથી જ મનોબળનો ઉદ્‌ભવ થાય છે.

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

## સાધુ તારો સંગડો

સાધુ તારો સંગડો ન છોડું મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો૦
કપડા બી ધોયા સંતો, અંચલા બી ધોયા,
જબ લગી મનવો ન ધોયો મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો૦
દિલમાં લાગી સંતો, જોયું મેં જાગી હે જી
ખેલતાં માળે ઘેરી, ગગન ગાજે મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો૦
વસ્તીમાં રેના સંતો, માંગીને ખાના જી
ટુકડે મેં એ ટુકડા કરી દેના મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો૦
હે...જી કૂડી રે કાયા સંતો, એમાં
માનસરોવર હંસો ઝીલન આયો લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો૦
'ત્રિકમ સાહેબ' ગુરુ ખીમને ચરણે,
હે...જી સંત મળ્યા છે સોહાગી મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો૦

**ત્રિકમસાહેબ**

## મુજ અબળાને

મુજ અબળાને મોટી મિરાત, બાઈ, શામળો ઘરેણું મારે સાચું રે.
વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી, હાર હરિનો મારે હૈયે રે;
ચિત્તમાળા ચતુરભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઈએ રે ? મુજ૦
ઝાંઝરિયાં જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબી રે;
વીછુવા ઘૂઘરા રામનારાયણના, અણવટ અંતરજામી રે. મુજ૦
પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રિકમ નામનું તાળું રે;
કૂંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ઘરેણું મારું ઘાલું રે. મુજ૦
સાસરવાસો સજીને બેઠી, હવે નથી કાંઈ કાચું રે;
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, હરિને ચરણે જાચું રે. મુજ૦

**મીરાંબાઈ**

## જા મુખ સેં સિયારામ ન સમર્યા

જા મુખસેં સિયારામ ન સમર્યા, તા મુખમેં તેરે ધૂર પરી...
-જા મુખસેં સિયારામ ન સમર્યા...૦
રામ નામ બિન રસના કેસી ? કર ઉનકી ટૂકડા ટૂકડી,
જિન લોચન હરિ રૂપ ન નીરખ્યા, તા લોચન મેં લુણ ભરી...
-જા મુખસેં સિયારામ ન સમર્યા...૦
રતન પદારથ મનુષ્ય જનમ હે, આવન નહીં કુછ ફેર ફરી,
અબ તેરો દાવ પડ્યો હે મુરખ ! કરનાં હોય સો લેને કરી...
-જા મુખસેં સિયારામ ન સમર્યા...૦
ધિક્ તેરો જનમ જીવન તેરો ધિક્ હે, ધિક્ ધિક્ મનુષ્યકી દેહ ધરી,
જીવત તાત મૂવે નહીં તેરા, ક્યું તું આયો ગેમાર ફરી...
-જા મુખસેં સિયારામ ન સમર્યા...૦
પાંવ પસારી સુકૃત નવ કીનો , જપ તપ તીરથે ડગ ના ભરી ,
ખીમ કહે નર આયો એસો જાયગો, વા કું ખાલી ખેપ પરી
-જા મુખસેં સિયારામ ન સમર્યા...૦

**ખીમ સાહેબ**

## મારે પ્રીત બંધાણી

પ્રીતમ! તમને શું કહું? મારી પ્રીત બંધાણી,
ઘણા રે દિવસની ચાકરી રે, મોંની મહોબત ન આણી. પ્રીતમ!
પીયુજી ! સ્વર્ગભુવનથી ઉતર્યા, તે દા'ડાની ઉદાસી,
ભર જોબનમાં હૂં થઈ રે, મેહેલી ચાલ્યા સંન્યાસી. પ્રીતમ!
(પિયુજી!) મને તમારો વિશ્વાસ છે, જાણું મેલી મા જાશો
ઘણાં ઘર આવ્યા ભટકી રે, જાણ્યૂં અમર થાશો. પ્રીતમ!
પિયુજી! અમને મેહેલીને, એકલા ન જાશો,
બીજી અબળાને પરણતાં રે, ઘણૂં દોહેલા થાશો. પ્રીતમ !
પ્રીતમ કહેઃ સૂણ્ય પ્રેમદા! મારું જોર ન ચાલે,
ચીઠ્ઠી આવી રાજારામની રે, તે સમે લાચાર. પ્રીતમ !
હવે ગદ્ગદ્ કંઠે કે' છે કામિની, નયણે નીર ન માય,
પિયું પરદેશી ચાલિયો, કદમ વળાવવાને જાય. પ્રીતમ!
એ ગતિ છે સંસારની રે, કોઈ ગર્વ ના કરશો,
પિયું પરદેશી પ્રીતનો રે, વિશ્વાસ ન ધરશો. પ્રીતમ!
કાજી મહંમદની વિનતિ, તમે સુણજો કાન,
એકમન થઈને સાંભળો, ગોવિંદ ધરજો રે ધ્યાન. પ્રીતમ !

**કાજી મહંમદ**

# એક પત્ર

**કનૈયાલાલ મુનશી**

મારા નાથ!

મરણપથારીએ પડી પડી એક વાર ફરી તમારે ખોળે મારું માથું મૂકું છું. આ કાગળ ન લખત. હજારો વાર કરગરી કરગરી કહેલા બોલોની કંઈ અસર થઈ નહોતી, તે કંઈ હવે થશે? પણ મારા અનુભવો જણાવવાથી હું દુઃખમાંથી છૂટીશ.

મારી સોળ વર્ષની જિંદગીમાં બહુ બહુ દુઃખ પડ્યું. જો કોઈ એ દુઃખ મટાડી શકત, તો તે મારા સ્વામીનાથ -મારા દેવ-તમે હતા. તમે મારો હાથ ઝાલ્યો, દુનિયાએ તમને કોમલ, બિનઅનુભવી બાલા સોંપી. પણ તમે તેનો વિચાર પણ ન કર્યો. મારી આ દશા થઈ-મારા પ્રાણ જવા વખત આવ્યો.

હું આપને ત્યાં આવી તે વખત યાદ છે? પ્રેમાળ માતાપિતાની લાડલી, છતાં પણ તેમનો ભાવ તરછોડી હું તમને ઝંખતી. પરણ્યા પહેલાં નિશાળે જતાં જો મારી નજર તમારા પર પડતી, તો મારા હૃદયમાં કંઈ અવનવા ભાવો ઊગતા; મને થતું કે ક્યારે તમને મળું? ક્યારે તમારી સેવા કરી જીવન સફળ કરું !

હું તમારે ત્યાં આવી ત્યારે કેટલી નાની હતી! કોઈ હરણીના આનંદથી કૂદતી. સાસુનો રોફ અને ધણીની ગુલામગીરી, એ શબ્દો મારા કાન પર નહોતા પડ્યા. છ જ મહિનામાં મારું મન કેવું રૂંધાશે તેનો મને સ્વપ્નેય ખ્યાલ નહોતો. આવતાં વાર જ ખાટાં તીખાં મેણાંથી મારા નિર્દોષ મનને જાણીતું કર્યું! હું કાંઈ પણ કરતી કે કહેતી, તો મારાં માબાપ વિશે ચર્ચા થતી : ''તારી મા અને તારા બાપા અને તારી ઉખાત!'' તમને કોઈ એમ કહે તો તમે સામાને તમાચો મારી શકો; જ્યારે એક ગભરુ બાલિકાને પૂજ્ય માવીત્રો પર પડતાં શુકનો સાંભળવાં પડે, ખમવાં પડે.

બે-ત્રણ મહિનામાં કઠણ-કાળજું કરીને એ સાંભળવાની ટેવ પાડી, ત્યારે નવી ખૂબી શરૂ થઈ. વહાલા! તેર વરસમાં મારું શું ગજું! પાર કે ઘેર ઊછરેલી નાદાન છોકરીને તમારી રીતિઓ કાયાંથી આવડે? જેમ તમારી બહેન તમારી માને લાડકી, તેમ હું પણ મારી માને હતી. મારાં કોમલ અંગોની એમને દરકાર હતી. ત્યારે શું વીસ વર્ષની દીકરીનાં અંગ જરા કામ કરતાં શેકાઈ જાય, અને તેર વર્ષની વહુનું શરીર આખા ઘરનું કામ ઉઠાવી શકે? તમને શું ખબર નહોતી હું આખો દિવસ વૈતરું કરું છું; નથી સૂતી કે નથી બેસતી. તમે બૉલબૅટ રમીને આવો, ઑફિસમાં જઈ આવો, તેમાં શું થયું? અમે આખો દિવસ મજૂરી કરતાં, ગાળો ખાતાં, ઘરના વધેલે ધાને પેટ ભરતાં, અસંતોષમાં અહોનીશ જીવન ગાળતાં, બે પ્રેમાળ શબ્દની લાલસાથી તમારી પાસે આવીએ, તો તમારાથી સ્નેહનો એક શબ્દ પણ ન બોલાય? સાધારણ વસ્તુ જોઈએ તો પણ તરત ઊઠી હાજર રહેવું, પળવાર લાગતાં તમારા ઘાંટા સાંભળવા! તમારા મરદોના મજબૂત પગ ઑફિસમાં બેઠે-બેઠે દુઃખે તેને મારા નિર્બલ હાથે દાબવા, અને તમને પરસેવો થાય તો અડધી રાતે કંપતી કેડે તેમને પવન નાખવો! તે વખતે શું તમારા મનમાં એમ પણ ન આવ્યું કે આ કોમલ બાલા આ દુઃખ કેમ વેઠશે? પણ ક્યાંથી આવે? -હું તો ગુલામડી! ઘણા દિવસો એવા ગયા છે કે આખો દિવસ કામ કરી પેટની નસેનસ દુખતી હોય, બેસાતું પણ ન હોય-સૂવાનું તો ક્યાંથી જ હોય? -એ દુઃખ સાથે પણ સેવા કરી જ્યાં ત્યાંથી નિદ્રાદેવીને આશરો લેવાની આશા હોય, તેવે વખતે તમારો સખત બોલ, ધમકી અને ક્વચિત્ બેચાર લપડાક પણ સહન કરતી-પછી આંસુ પડે તો તેમાં પણ અમારી ગુનેગારી!

પિયેર જવાની બંધી, સાસુનો સદાનો કોપ, તમારું હંમેશનું જુલમી સ્વામિત્વ-આ બધું પંદર વરસની છોકરીને તમે સહન કરાવ્યું. હજારો મારા જેવી કરે છે, તેમ મેં પણ કર્યું.

જો તમે સનેહ દેખાડ્યો હોત-તમને ખાવાપીવાનો મોજશોખ કરાવનાર લૂંડી તરફ મહેરબાની નહીં-જો જરા પણ દરકાર, મારા તરફ જરા પણ ન્યાય, દર્શાવ્યાં હોત તો-સંસારે તો તમને મારા શરીરના માલિક બનાવ્યા હતા, પણ-હું તમને મારા અંતરના પ્રભુ બનાવત. પણ મનની બધી મનમાં જ રહી. તમારે પલ્લે પડીને ન મળ્યો ન્યાય, ન મેળવ્યો સ્નેહ કે ન પામી સુખ. મારું અંતર રિબાઈ રિબાઈ શરીર સુકાયું અને આખરે આજે મરું છું. (અનુ. પાન નં.૧૭)

## સકળ લીલા

**પ્રજ્ઞા પટેલ**

આ ખળખળ વહેતા ઝરણાને તું રોકી શકે તો રોક
સાવ અમથું વહેવાની રમણાને તું ગોતી શકે તો ગોત
નહીં તો ચૂપચાપ રહીને બસ, સઘળી લીલા જો.
ડાળ, પાન, ફૂલ, નદી, તળાવ-નાળાં, વળી ધરતી ને આકાશ
એકબીજામાં રહેવાની રટણાને તું જોખી શકે તો જોખ
નહીં તો સૂરતાલ લઈને બસ, સઘળી લીલા જો.
કંઈ નહીં સંભળાય કે સમજાય, રાખ આંખ-કાન ખુલ્લા
પ્રેમની પારાવાર ભ્રમણાને તું ઓઢી શકે તો ઓઢ
નહીં તો સૂમસામ થઈને બસ, સઘળી લીલા જો.
સ્નેહ, સંબંધ, સુગંધનો સઘળે અલખ કેવો ઝળહળ
એકાદ સાચુકલા સમણાને તું રોપી શકે તો રોપ
નહીં તો ગુલતાન બનીને બસ, સઘળી લીલા જો.

પ્લોટનં. ૧૬૮૭/૧, સેક્ટર-૨ ડી, ગાંધીનગર-૩૮૨૦૦૭
મો. ૯૮૨૫૪ ૩૮૩૯૪

## લઘુ કાવ્યો

**વિપુલ દેસાઈ**

એક લીલા પાને
આખા
બાગની
કથા કહી.

•

પછી એમ પણ બને
કોઈ આવી
તમને જગાડે
અને તમને
જે દેખાય
તે સ્વપ્ન હોય!!

'હું' પછી એટલો વિસ્તાર્યો
ફુગ્ગાની જેમ
ફૂટી ગયો.

•

કાલે એક જાણીતો
ચહેરો
વાત કરતાં કરતાં
અજાણ્યો થઈ ગયો.

૧૯,માત્રીમંદિર સોસાયટી,
ઈસ્કોન મંદિર સામે, વડોદરા મો. ૯૯૦૯૯ ૧૩૪૨૮

## તારી પાસે શું છે?

**ગૌરીશ પોરીઆ**

મારી પાસે દરિયો તારી પાસે શું છે?
મારો પાલવ ભરિયો તારી પાસે શું છે?
હલ્લેસું ને હોડી સહી સલામત મારા,
સાથે છે તરવૈયો તારી પાસે શું છે?
દોસ્તો મારી પડખે આંસુ લૂછવા માટે,
રોવા માટે તકિયો તારી પાસે શું છે?
મારી પાસે ખડિયો, કોરા કાગળ, કલમ છે,
વિચારોથી હું ભરિયો તારી પાસે શું છે?
મારી સીમા જાણું, મારી પાસે શું છે?
કાગળ તેથી લખિયો તારી પાસે શું છે?

'નીલકંઠ' અભિક વિહાર,
રોયલ સોસાયટી,ભારતીય વિદ્યાલય પાસે,
છાયા મેઈન રોડ, પોરબંદર. મો. ૯૮૯૮૪ ૪૪૦૬૯

## ગઝલ

**સાહિલ**

વીજળી તો અપ્સરાની આંખનો ઝબકારો સાહિલ,
હોવું છે ખુદ ઈશ્વરે હોંશે દીધો હોકારો સાહિલ.
મોકલી છે મેં જ મારા બિંબની સેનાને ભીતર,
એટલે મચાવી રહ્યા છે દર્પણો દેકારો સાહિલ.
કોઈએ ક્યાં ના કહી છે આ જગતને તારવાની,
પણ તમે પહેલાં તમારી જાતને તો તારો સાહિલ.
જોઉં પાછળ તો મને લાગે હતો જ્યાં ત્યાં જ છું હું,
નિત નવા માર્ગે નકર દોડ્યા કરે જન્મારો સાહિલ.
તોય વણઝારાને શું પાછો ફર્યો જાણ્યો કદાપિ,
મંઝિલોનો ના મળે છો ક્યાંય પણ અણસારો સાહિલ.
શક્ય છે ઘૂઘરુના પડઘા ભોંયે ભંડારાય જાયે,
છે સમય તો તીર વેગે ભાગતો હલકારો સાહિલ.
ઉમ્રભર સમ્માન દીધું છે અમસ્તું ક્યાં કલમને,
જાત ઝીણી તોય ઝીલે પ્હાડ સા પડકારો સાહિલ.

'સાહિલ' નીસા ૩/૧૫, દયાનંદ નગર, રાજકોટ-૩૬૦૦૦૨
મો. ૯૪૨૮૭ ૯૦૦૬૯

|| નિબંધ ||

# ગ્લોબલ વીલેજ : વલ્લભવિદ્યાનગર

**મણિલાલ હ. પટેલ**

શિક્ષણનગરી વલ્લભવિદ્યાનગર! આઝાદી પહેલાં સિન્ધુ નદી પર સક્કરબરાજ ડેમ બાંધનાર 'ગ્રેટ' ઈજનેર ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ, એટલ કે ગુજરાત જેમને ભાઈકાકાના હુલામણા નામે બોલાવે છે-ઓળખે છે-વખાણે છે; એવા ભાઈકાકાએ વસાવેલી-ડિઝાઈન કરીને બંધાવેલી નગરી એટલે મારી-તમારી-સૌની આ વિદ્યાનગરી! તરુનગર કહેતાં તરુવરનગરી! વૃક્ષો વચ્ચે વિકસેલું આ ગામ! વલ્લભભાઈ પટેલની ઈચ્છા અને એમના પ્રયત્નોને પરિણામે સાકાર થયેલું આ વિદ્યાનગર વલ્લભભાઈને નામે ઓળખાય છે-વલ્લભવિદ્યાનગર! એની પૂર્વમાં બે ત્રણ કિલોમીટરે આણંદ અને પશ્ચિમે બે કિલોમીટરે કરમસદ આવેલાં છે. ઉત્તરે વડતાલ તીર્થક્ષેત્ર અને દક્ષિણે બોરસદ-બોચાસણ! ચરોતરનું આ ધબકતું હૃદય છે. સંસ્કાર નગરી નડિયાદ અને અમૂલ નગરી આણંદ-બેઉની વચ્ચે વિદ્યાનગરી...એની ઈશાને રણછોડરાયજીનું ડાકોર! અમદાવાદ-વડોદરા-સુરત મુંબઈને જોડતો રાષ્ટ્રીય ધોરી માર્ગ (૪૮) તથા દેશનો નં-૧ એક્સપ્રેસ વે-આણંદ વિદ્યાનગરના પાદરેથી પસાર થાય છે. દેશના પશ્ચિમ પટ્ટાનો આ સમૃદ્ધ ઈલાકો! અહીંથી પસાર થતી-અમદાવાદ-દિલ્હી-મુંબાઈ રેલવે આખા દેશમાં સૌથી વધારે કમાણી કરી આપતી 'બીઝી' રેલવે છે. વિશ્વભરમાં પથરાયેલા પટેલ-પાટીદારોનો આ મૂળ મલક-રૂડો ને રૂપાળો!

વલ્લભવિદ્યાનગરની વચ્ચોવચ સાત એકરનું શાસ્ત્રી મેદાન આવેલું છે. એની ચારે બાજુ બારમાસી વૃક્ષોની બબ્બે હારમાળા અને વચ્ચે સડક! મેદાનની ચોતરફ શિક્ષણ સંસ્થાઓના મકાનો. સૌથી પ્રથમ બંધાયેલું-વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયનું ભવ્ય મકાન! ચારુતર વિદ્યામંડળનું વર્ષો જૂનું કાર્યાલય પણ ત્યાં જ બાજુમાં...ને પછી શિક્ષણ સંસ્થાઓનાં બીજાં મકાનો, એની પાછળ હોસ્ટેલો, આવાસો અને બેંક, પોસ્ટ ઑફિસ તથા મોટું બજાર-કરમસદ રોડને ત્રિભેટે ભાઈકાકાના સાથી અને આ નગરના બીજા ઘડવૈયા ભીખાભાઈ 'સાહેબ'ની પ્રતિમા...! મોટા બજારની પૂર્વે નીકળે આણંદ-વિદ્યાનગર રોડ..એ ચોરાહા પર, ધોતી, ઝભ્ભો, ટોપી પહેરેલા, હાથમાં લાકડીવાળા અને મૂછોવાળા ભાઈકાકાની પૂરા કદની પ્રતિમા! બાજુમાં એમની સમાધિ! જાણે પ્રવેશદ્વારે ઊભેલા શિક્ષણના પ્રહરી એવા ભાઈકાકા બધું ઝીણી નજરે જોઈ રહ્યાં છે. હા.

'ભાઈકાકા સ્ટેચ્યુ'થી ઓળખાતો આ ચોક સતત અવરજવરથી ધમધમે છે-એને દક્ષિણ છેડે મોટાચોકમાં સરદાર પટેલની ઊંચી ભવ્ય પ્રતિમા સ્વાગત કરતી ઊભી છે. એને સામે છેડે-રેલવે ઓળંગીએ એટલે-'જનતા ચોકડી' એ વીર વિઠ્ઠલભાઈની વિરાટ કદની પ્રતિમા છે - આણંદ-સોજિત્રા રોડનો આ ભાગ વિઠ્ઠલઉદ્યોગનગર તરીકે સુખ્યાત છે. વર્લ્ડફેમસ એલિકોન કંપની અહીં જ છાતી કાઢીને ઊભી છે. બીજા પાંચસો ઉદ્યોગો અહીં ધમધોકાર ચાલે છે. મોગરી ગામ સુધી આ નગરી પહોંચી ગઈ છે. હવે પાછા વળીએ વૃક્ષનગરીનાં વિદ્યાલયોમાં! શાસ્ત્રી મેદાનની પશ્ચિમે બહુ જાણીતી ઈજનેરી કૉલેજ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય 'BVM'! ને ઉત્તર છેડે જ્ઞાનભંડાર સમી ભાઈકાકા લાઈબ્રેરી ને સરદાર પટેલ યુનિવર્સિટી તથા અનુસ્નાતક ભવનો! જરા પૂર્વોત્તર લેનમાં પ્રતિષ્ઠિત કૉલેજો-૧. સેમકોમ ૨. બીજેવીએમ ૩. નલિની -અરવિંદ આટ્‌ર્સ કૉલેજ ૪. એચ. એમ. પટેલ બી.એડ. કૉલેજ (ઈંગ્લિશ માધ્યમ)! બહુ જાણીતી ને વિદ્યાર્થીઓથી ઊભરાતી-પ્રેમીજનોનું પ્રતીક્ષા અને મિલન કેન્દ્ર ગણાતી - નલિની (કૉલેજ) ચોકડી! ને એને અડીને નાના બજાર! પછી સ્કૂલો-હોસ્ટેલો-બંગલા-કોલોની...ને ભોજન માટેના 'મેસ'! સીધા રસ્તા અને એકસરખા ચોરાહા (ચોકડીઓ)! આ નગરી સતત રંગબેરંગી વસ્ત્રો લહેરાવતી અને યુવાન હૈયાંથી ધબકતી-આકર્ષણ કરતી ઊભી છે-હાથ ફેલાવી આવકારતી!

આ નગરમાં પ્રથમવાર આવનારાંને વૃક્ષો દરેક ઋતુમાં પુષ્પોથી આવકારે છે ને તરુ છાયાઓ વ્હાલથી વીંટળાઈ વળે છે... હા. આ નગર વસ્યું એ પ્હેલાં તો આ જગ્યા પડતર ચરો હતી...વૃક્ષોથી ગીચ...જ્યાં દિવસે ય ચોર પોતાની ચોરીઓનો માલ પરસ્પર વ્હેંચવા ને વિસામો કરવા મળતા હતા! પણ આજે તો અહીં ભારતભરના-

બધા જ પ્રાંતોના પ્રતિનિધિ લોકો વસે છે. હા, અહીં કાશ્મીરી છે ને કેરાલિયન પણ છે! આસામી-બંગાળી-તમીલી-મરાઠી-મારવાડી! બધા જ રાજ્યોના લોકો અહીં આવ્યા ને નિરાંતે વસી ગયા છે. શાસ્ત્રી મેદાને સવારે ને સાંજે ચાલનારા, કસરતબાજો, રમતવીરો, વિદ્યાર્થીઓ /વાંચનારાં/પ્રેમ કરનારાં, એકલતા વેઠતા ને એકાંત સેવનારાંઃ બધા જ મળે છે...એ નઝારો આ નગરનું નોખું 'વ્યક્તિત્વ' સૂચવે છે. અહીં કેનેડાના ટોરોન્ટોથી ને અમેરિકાના લાસવેગાસથી કે પછી ઓસ્ટ્રેલિયાના પર્થથી આવેલા ચરોતરવાસી NRI મેદાને મળે છે ને બે દિવસ બાદ એ લંડન કે નૈરોબી મળવાની વાતો કરીને છૂટા પડે છે. અમૂલ ડેરી, NDDB, ઈરમા, કૃષિ યુનિવર્સિટી-આણંદમાં છે-એટલે અહીં દુનિયાભરના માણસો મળતા જ રહે છે.

અમારું વિદ્યાનગર આમ તો આધુનિક સગવડોવાળું સરસ ગામડું છે. ભાતીગળ વસતિ છતાં ચહેરો ચરોતરી છે ને લિહાજ નકરો ગુજરાતી!'પાંણી પાજે ભૈ!' 'અલ્યા! હાંભરતો અ્યમ નહિ?' 'મારા હારા! હમજતા જ નહિ!' આવી ભાષા યુનિવર્સિટી કાર્યલયમાં પણ કદીક સાંભળવા મળે ત્યારે સારું લાગે છે! ૧૯૪૬ની ૩ જી માર્ચે આ નગરનો પાયો નંખાયેલો...એની ઉંમર ભારતની આઝાદીની વય જેટલી ગણીએ તો યાદ રહી જાય, ભૂલ ન પડે! તળ વિદ્યાનગરનો વ્યાસ ચોતરફ ત્રણ કિ. મિ.થી વધુ નથી થોડુંક ચાલો ને બીજું ગામ, સીમખેતર, નહેર ને ચરો આવી જાય. રોજ સીમવગડે જવાય ને શાક દૂધ લેતા અવાય. વળી સૂર્યોદય ને સૂર્યાસ્ત સાથે બધી જ ચન્દ્રકળાઓ જોવા મળે છે. એ સાથે દુનિયાભરની સુખ્યાત વસ્તુ ખરીદવા માટે 'બ્રાન્ડનેઈમ' શૉપ, મોલ, ડી-માર્ટ, વેસ્ટ સાઈડ, બીગ બજાર મળે! દેશ દુનિયાની ખાણીપીણી પીરસતી હોટલ્સ પણ મળે ને ખાઉધરી ગલીમાં ઈદડાં-હાંડવો તથા સુરતી લોચો ય તમને મળી જાય! એક ગામડું લાગતા આ વિદ્યાનગરમાં 'બહુ સંસ્કૃતિ વાદ'-નો અનુભવ મળવા સાથે સેંકડો વિષયોનાં હજારો-લાખો પુસ્તકો વાંચવા મળે...અનેક વિદ્વાનોનાં વ્યાખ્યાનો સાંભળવાં ગમે..તો ભ્રષ્ટ ને લાગવગિયાં લોકો, બેજવાબદાર સંચાલકો ને ખાલી ખોપરીવાળા શિક્ષકો-અધ્યાપકો પણ તમને ઘણા બધા મળી જાય એવું પણ ખરું! આ નગર નખરાંખોર હતું-હવે ડાહ્યું થતું જાય છે.

આ નગર વસ્યું ત્યારથી આ જ સુધીમાં અહીં અનેક મહાન નેતાઓ, વિજ્ઞાનીઓ, વિદ્વાનો આવી ચૂક્યા છે. અહીંની ધૂળમાં સરદાર, નહેરુ, લોર્ડમાઉન્ટબેટન, ડૉ. સર્વપલ્લી રાધાકૃષણન, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, ડૉ.ઝાકીર હુસેન, ડૉ.એપીજે અબ્દુલ કલામ, સી.વી. રામન, વિક્રમ સારાભાઈ, દાદા પાંડુરંગ શાસ્ત્રી, પ્રમુખ સ્વામી, ઈન્દિરા ગાંધી, રાજીવજી, મોરારજી દેસાઈ, લાલબહાદુર શાસ્ત્રી, ડૉ. કુરિયન, એચ.એમ. પટેલ-જેવા અનેક મહાનુભાવોનાં પગલાં પડેલાં છે. કેટલાક તો અહીં વસ્યા અને આ નગર-ઘડતરમાં રાહબર બન્યા દા.ત. શ્રી એચ.એમ. પટેલ, શ્રી વર્ગિસ કુરિયન વગેરે. હજી દર વર્ષે સુખ્યાત વિદ્વાનો યુનિ.માં આવતા જતા રહે છે. જ્ઞાનસમૃદ્ધ થવા માટે, કલાઓની ઉપાસના માટે, શાંત નિવૃત્તજીવન ગાળવા માટે વિદ્યાનગર ઉત્તમ ગામ છે.

માત્ર ભણવા અને ભણાવવા આવનારાં માટે જ વસાવેલું વિદ્યાનગર હવે તો બહુ ભરચક ને ગરદી-ગીચ પણ લાગે છે. આ વિદ્યાનગરીમાં ને સંલગ્ન સંસ્થાઓમાં પચાસ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભણે છે. આ સૌની તમામ જરૂરિયાતો પોષવા દુકાનો, હૉટેલ્સ, ચાની કીટલીઓ, મેસ, ધોબી, બુકશોપ્સ સમેતની સગવડો-વ્યવસ્થાઓ કરવા બીજા સેંકડો-હજારો લોકો પણ અહીં વસી ગયા છે. હવે NRI પણ અહીં વસવા આવે છે. હોસ્ટેલ્સમાં અદ્યતન સુવિધાઓ સાથે ઉત્તમ ભોજનશાળાઓ છે. પશ્ચિમી પવનની લહેરોમાં મહાલનારા માટે હૉટેલ્સ -રિસોર્ટ ઉપરાંત 'ગરમ કીટલી': 'ગોલ ગપ્પા': 'ભૂખ હડતાળ': 'ચાય-બાર'-જેવાં મુક્તમિલન સ્થળો પણ છે. જ્યાં આખો દિવસ 'સખ્ખત ભણ્યા' પછી બોયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડ સાથે વાતો મુલાકાતો કરીને 'રિલેક્સ' થવાય છે. વૃક્ષોની છાયામાં વાચન, સંગોષ્ઠી સાથે લાગણીભીનાં પણ થઈ જનારાં પ્રેમીઓ માટે વિદ્યાનગર આજીવન-સ્મૃતિ બની જાય છે. એટલે દિવાળી પર કે મે-જૂનની રજાઓમાં વિદ્યાર્થીઓ વગરનું વિદ્યાનગર સૂનું લાગે છે. વૃક્ષોની નિઃસંગ છાયાઓ પ્રિયજનોની રાહ જુએ છે-ને અમે પણ !!

વલ્લભવિદ્યાનગરમાં સિત્તેરથી વધુ જાતનાં વૃક્ષો છે. દરેક ઋતુમાં કોઈને કોઈ વૃક્ષજાતિ પુષ્પિત બની ધ્યાન ખેંચતી રહે છે. શાસ્ત્રી મેદાનનાં વૃક્ષો પર હજારો સૂડા

(અનુ. પાન નં. ૩૩)

|| ટૂંકીવાર્તા ||

# રીલેટીવીટીઃ અનધર એંગલ

**હરીશ મહુવાકર**

જેમ ઊંઘ એનાથી દૂર ખસતી જતી હતી તેમ એ એને તાણવાનો પ્રયત્ન કરતો હતો. કેટલી વાર થઈ હશે? રોજિંદા ક્રમ કરતા પથારીમાં પડતું મૂકતાં અલબત્ત આજે થોડું મોડું થઈ ગયેલ, એટલે અગિયાર વાગી ગયા હતા. સાડા નવથી મોડું ન કરતો. સવારના ચાર વાગે ઊઠી જતો.

ઘડિયાળ ટક ટક કરતી એને જોતી હતી. એના ઊંઘવાના પ્રયત્નોની એ સાક્ષી બની રહી. એને આશ્ચર્ય કંઈ ખાસ નહોતું. અત્યારે એ મધ્યરાત્રિના બે વાગવાનો પોઝ લઈ આગળ ચાલવાની હતી. ઘણીવાર એ કશુંક અગત્યનું ભૂલી જતો ને આવું થતું. યાદ ન આવે ત્યા સુધી અજંપો રહેતો. મન પર પથ્થરો મૂકાતા જતા. યાદ આવી જતું. ટપકાવી લેતો જેતે બાબત ફરી ભૂલાઈ ન જાય એટલે અને પછી નિદ્રારાણી એને ગળે વળગતી. રૂઠી જવાના એના ઘણા કિસ્સાઓ બને પરંતુ મહિને દહાડે બે-ત્રણ થી વધુ ન રહેતા.

દિવસ આખો પછી હાથલિયો થોર થઈ જતો. શરીર પર કાંટા ઊગતા.પોતાને ચૂભતા એ ખરું પરંતુ સંપર્કમાં આવનારને સ્વ હયાતીની યાદી આપતો. કશા કામમાં જીવ ન લાગે. સરખું ન થાય. સ્ફૂર્તિ ગાયબ ભૂખ એની સાથે જાય.

અવનિ જાગી. 'શુ છે ડિઅર?'

આછું સ્મિત ચહેરે બેઠું.'કશું નહિ ડિઅર. તું સૂઈ જા.'

'તાવ નથી ને?' એણે કપાળે હાથ મુકયો. સારું લાગ્યું.

'બિલકુલ નહિ.'

'તો પછી?'

'યૂ નો.'

'ઓલ રાઈટ' કહી એણે પરાગને નજીક ખેચ્યો. એ ખેંચાયો.પીઠ પર અવનિએ હાથ પસવાર્યો. માથા પર હાથ પસવાર્યો. પથ્થરોનો ભાર જવા લાગ્યો. નિદ્રારાણી અવનિ રાણીમાં ઉતરવા લાગી. કદાચ નાજુક સ્પર્શની રાહ જોતી હોય તેમ નિદ્રા સાવ સમીપે ખેંચાઈ.

અચાનક એનું ધ્યાન ગયું. આંખો ખૂલી. અવનિ રાણીથી સહેજ અળગો થયો. માથું હલાવ્યું એનાથી દૂર. સામેની દીવાલ પરની છોકરી એને તાકી રહી.૫x૩ની સાઈઝમાં પૂરાયેલી યુવાન છોકરી છે. વૃક્ષ પાછળ સંતાઈને એ ઊભી છે. એનો અર્ધો ચહેરો જોઈ શકાય. તાજગી ભરેલો, મજાનો એનો ચહેરો સામે આવે છે. લાંબા કાળા વાળ ઝૂલી પડ્યા છે. આશ્ચર્ય છે ભરેલું એની આંખોમાં.

અને એની ઊંઘ ઊડી ગઈ. વ્હાય ક્યુરિઓસીટી ઈન હર આઈઝ?-શીદને એની આંખોમાં આશ્ચર્ય? પોતે વળી જવાબ આપ્યો. સત્તર અઢાર વરસે આંખોમાં એ ન હોય તો શું હોય બીજું? હોઠ પર પતંગિયું આવ્યું ને પાંખો ફફડાવી. હોઠ પહોળા થયા લગીર. એને ઝીલ યાદ આવી. એની દીકરી એવડી જ છે. બાજુના ખંડમાં એ પણ ઘસઘસાટ ઊંઘતી હશે. ઊંઘતી હશે? એણે પ્રશ્ન પૂછયો ને એ ઊભો થયો.

હળવેથી બારણું ખસેડ્યું એ ઘેરી નિદ્રામાં હતી. આછા અજવાળામાં એના ચહેરા પરની શાંતિથી એ ખુશ થયો. પતંગિયાએ વધુ પાંખો ફફડાવી, હોઠ આ વખતે વધુ પહોળા થયા.'આ મન પણ ખરું છે' બબડતો એ પોતાના રૂમમાં આવ્યો. એણે ચિત્રને તાક્યું.

આંખો હલબલી ગઈ. સાવ પહોળી થઈ ગઈ.ખેંચાણી એકદમ. પરાણે બંધ કરી. પૂરેપૂરી ફરી ખોલી. આ શું હતું? ના એમ નથી, તો પછી કેમ આમ? ત્યાં શીદને મને લટકતું દોરડું દેખાયું? છે જ નહિ તો પછી કેમ? કોઈ ગળાફાંસો ખાવાનું હોય એમ એવી રીતનું લટકતું દોરડું શીદને દેખાયું? એ ચિત્રની લગોલગ ઊભો. કયાં 'કશું છે યાર પરાગ ડિયર?' પોતાને કહ્યું? પણ કપાળ પર પરસેવો કેમ થવા માંડ્યો? એણે દૂર જઈ જોયું.પાંચ છ ફૂટ દૂર જઈને. ઓહ યસ, દોરડું છે. એનું ગળું કરેલો ફાંસલો દેખાય છે. પણ તુરંત અદશ્ય થઈ ગયું. પળવારમાં એ ઝબકારો આપી જતું રહ્યું. એ ધ્રૂજી ઊઠ્યો. ઈટસ ઓલ માય ઈમેજીનેશન-મારી ખુદની જ કલ્પના. ઓ મેન ગો ટુ સ્લીપ. સૂતો નથી એટલે આવું થાય.

અસ્વસ્થ તન-મનથી એણે પથારીમાં લંબાવ્યું. ગઈ કાલે શાળાએ સારો દિવસ રહ્યો હતો. રોજિંદું એનું કામ રહ્યું હતું. રાધર, કેટલી મજા આવી હતી! ભૌતિકશાસ્ત્ર વિષય બધાને કેટલો અઘરો લાગે છે પણ પોતાની પાસે ભણે એને એટલો જ સરળ બનાવી દેવાની પોતાની આવડતથી એ ખુશ થતો! થવું જ જોઈએ ને! મજાનો, ગમતીલો, રસિક શિક્ષક થવું કઈ સરળ થોડું છે!

સાથીદારો સાથેની વાતો સ્વસ્થ હતી. અઠવાડિયું, મહિનાઓ સુધી કશી પરીક્ષા નહોતી. ટર્મ હજુ શરૂ થઈ હતી. અઠવાડિયું વિતેલું. રાગે પડતું જતું હતું. તાસ નિયમિત ગોઠવાઈ ગયા હતા. પૂરી સંખ્યામાં વિધાર્થીઓ પણ હાજર રહેવા લાગેલા. ટાઈમટેબલ આખી શાળાનું વ્યવસ્થિત થઈ ગયું હતું.

બીજો તાસ લઈને એ બહાર આવ્યો હતો. ઓફિસમાં આવ્યો ત્યારે કલીગે સોલ્વ કરવાને સારુ એક પ્રોબ્લેમ રજૂ કર્યો. રીલેટીવીટીનો હતો.

શાળાના આચાર્ય તરીકે એટલે જ વરસોથી એના શીરે જવાબદારીઓ સોંપાઈ હતી. ભણાવવાના અને વહીવટી અનુભવોથી એ સભર હતો. દિન-બદિન એ વધુ કોળતો જતો હતો.બીજા વાડ-વેલાઓનો એ ટેકો થતો જતો હતો અને એટલે એનું વટવૃક્ષ હોવું એ એના ગૌરવની ઘટના હતી. સ્વયંભૂ જાણે હિમાલય!

વાત કંઈ ખાસ નહોતી પણ પ્રોબ્લેમ એ રીતે મૂકાયેલો હતો કે બીજા એંગલ એમ ન દેખાય. એના માટે સ્વસ્થતા જોઈએ. સમગ્ર ઘટના ધ્યાને લેવી પડે. બીજા પર્સપેક્ટીવ્ઝ સાથે રાખવા પડે. સમગ્ર થિયરીને એક સામટી એક પરીપ્રેક્ષમાં જોઈ લીધા પછી એ એંગલ ખુલે, સરળતાથી ખુલે ને પરીણામ દેવા સ્પષ્ટ થઈ જાય.

પરાગ માટે આ સરળ વાત હતી.વરસોનો અનુભવ હતો. કેટલા વરસ કાઢયા હતા આમાં? અઢી દાયકા ગયા આમાં પણ બિચ્ચારો આ કલીગ નવો સવો. આ છેલ્લા બે વરસથી એ આવ્યો. સ્વાભાવિક છે એને હજુ આ રીલેટીવીટી બહુ સમજાઈ ન હોય એટલે બીજો એંગલ ન દેખાય. એણે ફડાક દઈ વાત સમજાવી દીધી. કોઈ જાણે પારિજાતનું ફૂલ મૂકે હાથમાં એમ!

કલીગ ખુશ. એ પોતે પણ. પછી એણે વર્તમાનપત્ર જોયું.પછી પોતાની બેગ ફંફોસી. પેપર્સ ઠીક કર્યા. પૈસા વિથડ્રો કરવાના હતા. ચેક આપવાના હતા. એણે લખ્યા,ને વળી બેગમાં મૂક્યા. ઈન્કમટેક્સ ડીડક્શન ફોર્મ ભરવાનું હતું. વળી બેલ વાગ્યો. વળી એ વર્ગમાં ગયો. વળી ઓફિસ. વળી તાસ પૂરો. વળી એ ઘરે આવ્યો ને વળી એનું એઃ રીલેકસ્ડ ટાઈમ, પત્ની, દીકરી, ભોજન, ટી.વી, હિંચકો, ને સાડા નવે પથારી. કયાં કશું હતું અસામાન્ય! વળી એણે ચિત્ર જોયું. અચાનક દશ્ય ઊઘડ્યું એની સામે.

આજે પહેલા તાસ પછી ખુશી પણ એની પાછળ બહાર નીકળી હતી.'સર...સર....'

'યસ ખુશી, કેમ બહાર આવી બેટા?'

'સર મેં તમને ગઈકાલે ચીઠ્ઠી આપી હતી. તમે વાંચી?'

'પણ એનું શું છે?'

'આઈ વોન્ટ પરમીશન.'

'આપીશ આપીશ હો? અત્યારે તું કલાસમાં જા.'

'પણ સર...'

'ઓ ખુશી, બી ખુશી. લેટમી સી.'

'ઓલરાઈટ સર.'

એ ગઈ હતી.

ઓહ, આ ખુશીની વાતે નાખુશી હતી. એની ચીઠ્ઠી ભૂલાઈ ગઈ હતી વાંચવાની. બે દિવસ ગયા.બિચારી પરમીશનની રાહ જુએ છે. આ હોસ્ટેલમાં રહેતી છોકરીઓ બહુ હોમસીકનેસ અનુભવે. ઘરેથી આવ્યા નથી કે પાછું ઘરે. સેટ થવાનું મનમાં રાખે જ નહિ ને! બસ ગુરુવાર આવ્યો નથી કે ચિઠ્ઠીઓ શરૂ થઈ જાય-

: સર, શનિવાર રજા આપશો. ઘેર જવું છે.

: સર, મમ્મીની બહુ યાદ આવે છે પ્લીઝ સર સોમવારે આવી જઈશ.

: સર, પ્લીઝ પ્લીઝ. મારી દીદી યુ.એસ.થી આવી છે. બે દિવસ જ મળશે. મન્ડે બેક.

: સર, ઘરે કથા રાખી છે.

: સર, ભાઈના કર રાખ્યા છે.

: સર, મમ્મીની તબિયત નથી સારી,ત્રણ-ચાર દિવસમાં આવી જઈશ.

: સર, પપ્પા નો બર્થ ડે છે. સર...સર...સર...

: સર...સર...સર...આ ચકલીઓ ઉડી જતી.

ને ફરી માળામાં આવી જતી. આ છોકરીઓ પણ ખરી છે! કેટલા માળા કરી રાખે છે. ઘર, શાળા, લગ્ન થયે વળી નવુ ઘર. વળી પરિવાર વધે. નવા તંતુ સંધાય.મમ્મીની લાગણી, પપ્પાની ઈચ્છા, ભઈલાની મમતા, બહેનપણીની ઝંખના, કુટુંબનો ગર્વ કેટલુંય જોડાયેલું રહે છે આ નાજુક પરિઓ સાથે!

જો ખુશી, જવું છે ને તારે? જા ખુશી જા. પરમિશન માટે બિચારીને બે દિવસ રાહ જોવડાવી. આજે તો શનિવાર છે ને બિચારી જઈ નહિ શકે. પણ આ ખોટું કહેવાય એણે પોતાની જાતને કહ્યું. ખુશી માટે તું કેમ ના ખુશી લઈ આવે? એણે યાદ કર્યું. કયાં મુકી ચિઠ્ઠી? ઓહ યસ બેગમાં જ છે.

એ નીચે ઉતર્યો. સ્ટડી રૂમમાં ગયો. બેગ બહાર કાઢ્યું. ખુશીની ચીઠ્ઠી મળી આવી. તરત જ એ વાંચવા લાગ્યોઃ

'સર...'

ખૂબ વિચાર્યું છે. ને એટલે તમને લખું છું. સર મને આત્મહત્યાની પરમિશન આપો. પરાગે માથું હલાવ્યું આંખો વિસ્ફારિત ડઝ હી રીડ વોટ ઈઝ રિટન? -લખેલું જ વાંચે છે ને પોતે? એણે આંખો ફેરવી.બરાબર ફોકસ કર્યું ને ફરીથી કાળજીપૂર્વક વાચ્યું :

'સર, મને આત્મહત્યાની પરમિશન આપો.

ઓ માય ગોડ....એ સડસડાટ વાચ્વા લાગ્યો.

'ગયા અઠવાડિયે તમે છાપામાં ફોટા આપ્યા. આપણી શાળાનું પરિણામ તમે છાપામાં આપ્યું. મારી ફ્રેન્ડના એમાં ફોટા હતા. મારો ન્હોતો. મારે ઓછા ટકા છે એટલે મારો ફોટો ના હોય એની મને ખબર છે. પણ મારી મમ્મી એ વાત માનતી નથી. એ કેય છે કે મારી ફ્રેન્ડ મારા કરતાં હોશિયાર નથી તોય એને સારા ટકા આવ્યા ને મારે કેમ નો આવ્યા? મારો ફોટો કેમ નો આવ્યો? મમ્મી કેય છે કે આખા કુટુંબની આબરૂ ગઈ. બધા એવી અપેક્ષા રાખતા હતા કે મારે નેવું ટકા આવે.

'સર તમને ખબર જ છે મારી મહેનતની. તમે જ ક્યો હું કયાંક પાછી પડું છું? પણ ટકા ન આવ્યા. મારું પોતાનું કેલીબર પણ એટલું નથી એ હું સમજુ છું. હું પાંસઠ ટકાની વિદ્યાર્થિની છું. લક્ષ્યાક મારું એંશી ટકા છે પણ કાંઈ એમ નેવું ટકા થોડા આવી જાય સર?

'ગયા અઠવાડિયે મારી મમ્મી બધાને સંભળાવતી હતી કે ખુશીએ નાક કપાવ્યું. મોંઢુ શું દેખાડવું બધાને. મનેય વારેવારે સંભળાવ્યું. સર મારે કેમ મોંઢું દેખાડવું મારી મમ્મી ને?

'સર હું શું કરું? મારા મનમાં બીજુ કાંઈ આવતું નથી. બસ મારે મરી જ જવું છે. સર પ્લીઝ મને આત્મહત્યા કરવાની પરમિશન આપશો.

'મારી સાથે ઝડપથી ચાલો. એને હાંફ ચડવા માંડયો હતો. પગથિયાં ચડતાં ચડતાં એટલે બોલી ન શકાયું. ૨૧૬નો દરવાજો ઝડપથી ખખડાવ્યો. અંદરથી લિપિ બહાર આવી.પ રાગસરને, વોર્ડનને જોઈને એ ચોંકી.''સર તમે? અત્યારે?''

' ...વ્હેર ઈઝ ખુશી?

'સર એ તો ગઈ,

'કયાં?'

'કીધું નથી. કહેતી હતી કે સરની પરમિશન લીધી છે.

'ઓ માય ગોડ...'

ઘરના બેડરૂમની દીવાલે લગાવેલું ચિત્ર મનમાં ઝબકી ઊઠ્યું ને એ ફસકાઈ પડ્યો. મનમાં એ બબડ્યો આ એંગલ તો કદી મેં વિચાર્યો જ નહોતો ખુશી !

'અમે', ૩ એ ૧૯૨૯, નંદાલય હવેલી પાસે, સરદારનગર,
ભાવનગર-૩૬૪૦૦૨ મો. ૯૪૨૬૨૨૩૫૨૨
ઈમેઈલઃ harishmahuvakar@gmail.com

|| સંસ્મરણ ||

# દિવંગતા સાથે ડાયલૉગ

કેશુભાઈ દેસાઈ

જોતજોતામાં દસ મહિના વીતી ગયા. તમે તો ન આવ્યાં પણ તમે જેની જવાબદારી સોંપીને ગયાં છો તે તમારી તીતી રોજે રોજ અવનવી લીલા કરતી રહે છે. તમારી ગેરહાજરીમાં એની એ લીલા નિહાળીને હું કારમી વેદના અનુભવું છું. તમે તો એના વિશે કેવી કેવી રમણીય કલ્પનાઓ કરતાં રહેતાં! એને તમે અડાલજના એ ખખડધજ ક્વાર્ટર્સમાં થોડી રહેવા દીધી હોત! જરાક સમજણી થતાં તમે એને આપણી સાથે રાખી માઉન્ટ કાર્મેલ જેવી પ્રતિષ્ઠિત શાળામાં દાખલ કરવાનાં સપનાં સેવતાં હતાં. હું એને મૂકવા જઈશ, તમે એને લેવા જજો. એ આપણી નજર સામે ઊછરશે, બગીચાના છોડની જેમ. બસ, એને નીખરતી જોઈ આપણે જીવનસંધ્યાને રોમાંચક બનાવતાં રહીશું. આપણને તો ઘણીય ઈચ્છા હોય એને કૉલેજકન્યા તરીકે કારકિર્દીનાં પગથિયાં ચઢતી જોવાની, પણ એટલું લાંબું તો થોડું જિવાશે? બલકે તમારે તો એને પરણાવીને જવાના કોડ હતા.

એટલું લાંબું તો શર્વુ, ન જ જિવાય. હું પણ તમારી એ વ્યથા સમજી શકતો હતો. સાદું ગણિત માંડીએ તોય એટલું લાંબું જીવવા માટે હજી વીશેક વરસ વધુ જીવવું પડે. કદાચ તમે તો જીવી શકો-માંડ એકસઠ વટાવ્યાં હતાં અને આજ કાલ એંશી વરસ તો ઘણાં બધાં જીવી નાખે છે.અનેક વિટંબણાઓ વચ્ચે તમારાં જન્મદાત્રી રામબાઈએ એંશીનો આંકડો વટાવ્યા પછી જ વિદાય લીધી હતી ને! હું સડસઠ વટાવી ચૂક્યો હતો એથી એવી અપેક્ષા રાખું તે વધારે પડતું લાગે. પિતાશ્રી પંચ્યાશી પૂરાં નહોતા કરી શક્યા-ખાવાપીવામાં ચુસ્ત હોવા છતાં. મારી કુંડળી જોનારા જ્યોતિષીઓને પણ કેતુની મહાદશામાં શ્વાસના ઘોડા હાંફી જતા વરતાયા છે અને કેતુની દશા તો ક્યારની શરૂ થઈ ગઈ છે. એટલે વિદાયની તૈયારી તો મારે કરવાની હતી. શર્વુ, તમે આટલી ઉતાવળ કેમ કરી? કે પછી મારું મોત તમે ઓઢી લીધું? એવું કર્યું હોય તો સાંભળી લો, મને એ મુદ્દલ નથી ગમ્યું. તમે મને જિવાડ્યો એ કરતાં છેતરી ગયાં એમ જ સમજીશ. જો કે તમારું જીવન તો તદ્દન પારદર્શક, નિખાલસ હતું. તમે કોઈને છેતરી પણ શકો, એ વાત તો માની જ ન શકાય. તમે બલિદાન જરૂર આપી શકો-અને મારે ખાતર તો ગમે તેવો ત્યાગ કરતાં પણ ના અચકાવ. મારી કિડની ફેલ થઈ હોત તો મારે કોઈ બીજા પાસેથી એ માગવી ન પડત. તમે હોંશે હોંશે તમારી એક કિડની કાઢી આપી હોત. એવું બલિદાન મને ગમ્યું પણ હોત. કારણ કે એથી જે થોડાં વધુ વર્ષ મને જીવવા માટે મળ્યાં હોત તે તમારી હાજરી સાથેનાં હોત અને તમારા એ બલિદાનને કારણે હોત.

શર્વુ, મને હજી સુધી એ બાબત પર શ્રદ્ધા નથી બેઠી કે જીવન પર જીવનદાતા કોઈ ખાસ ઍક્સ્પાઈરી ડેટ અને ઍક્સ્પાઈરી ટાઈમ લખી ને જ જીવને આ સૃષ્ટિ પર મોકલતો હશે. હું એટલું જરૂર સ્વીકારું છું કે જીવની જુદી જુદી જાતિઓની જીવનક્ષમતા વધુમાં વધુ અમુક વર્ષ જરૂર હોઈ શકે. માણસ કંઈ બસો વર્ષ ન જીવી શકે કે કૂતરું પચીસ વર્ષ ન ટકી શકે. પરંતુ માણસ માટે સો વર્ષનું લક્ષ્યાંક સિદ્ધ કરવું અઘરું નથી એ તો જાપાન જેવા દેશમાં આપણે નજરે જોયું હતું. આપણી નજર સામે કે.કા શાસ્ત્રી, મોરારજી દેસાઈ અને રવિશંકર મહારાજે સો વર્ષની આસપાસ વિદાય લીધી. ભાવનગરના પ્રેમશંકર ભટ્ટ એકસો પાંચ વર્ષ જીવ્યા. આપણે એમનાં પણ વારંવાર દર્શન કરેલાં. બાયપાસ સર્જરી નહોતી થતી ત્યારે હાર્ટ ઍટેકથી થતાં મૃત્યુ બાયપાસ કે સ્ટેન્ટને કારણે અટકાવી શકાયાં છે. સમય અને સંજોગ પ્રતિકૂળ હતા, તમને હાર્ટઍટેકનાં ક્લાસિકલ લક્ષણો વરતાયાં હોત અને જો સમયસરની સારવાર અપાઈ હોત તો કદાચ તમે અત્યારે મારી સાથે જ હોત. એટલે બીજું તો ઠીક પણ નિયતિ જેવું કોઈ તત્ત્વ જરૂર કામ કરતું હશે એમ માની મન મનાવવું પડે.મારા જ નામેશરી, તમારા સગા બનેવી બાયપાસ પછી કડેધડે છે જ ને! અને જેમને બચાવવા દુનિયાના સર્વોત્તમ કાર્ડિયોલોજિસ્ટોની સેવાઓ મેળવી શકાઈ હોત એવા દૈનિક ભાસ્કર અખબારી જૂથના માલિકને અમદાવાદ એરપોર્ટ પર જ હાર્ટઍટેક આવ્યો, એપોલો લઈ જવાયા છતાં ન બચી શક્યા. આપણા સુપરિચિત ધનસુરાવાળા ડૉ.મોહનલાલ બી.શાહ ફરવા ગયેલા હતા. બજારથી થોડી ખરીદી કરી હોટલની રૂમના

દરવાજે પહોંચ્યા ત્યાં જ ઢગલો થઈ ગયેલા. પરંતુ બીજી તરફ મોડાસાવાળા ડૉ. ડી.એમ.દવે બાયપાસ પછી નોર્મલ લાઈફ જીવી રહ્યા છે. કશું સમજાતું નથી. એટલું જરૂર સમજાય છે કે તમે સદેહે હયાત નથી એટલે નથી જ. પરંતુ તમારી સૂક્ષ્મ હાજરી તો ક્ષણે ક્ષણે અનુભવાય છે. આત્માની થિયરી ડાઉટફુલ લાગતી હોવા છતાં આવકાર દાયક અને સમાધાનકારક લાગે છે.આત્માને થોડો જ હાર્ટઍટેક આવે છે? એ બધી જળોજથા તો દેહ સાથે જોડાયેલી છે. પણ ખરેખર આત્મા જેવું કંઈ હશે ખરું? કદાચ હોય તો પણ જ્યાં સુધી આપણને એની પ્રતીતિ ન થાય ત્યાં સુધી આપણે તો દેહભાવમાં જ રાચવાનાં. મને તમારું શરીર જ ખપતું હોય-અલબત્ત જીવતું શરીર... ચેતના ચાલી ગયા પછી તો એ ગંધાઈ ઊઠે.

મને જે અપરાધ બોધ કોરી ખાય છે તે આ. તમારા મૃત્યુનો અણસાર સરખો આવ્યો હોત તો મોતિયાના ઑપરેશનવાળી આંખે હું યમ સામે પડકાર ફેંકી ઝઝૂમ્યો હોત. તમને બચાવવા માટે મેં શું ન કર્યું હોત! પણ અફસોસ કે એવો કોઈ અણસાર મળ્યો જ નહીં. બલકે તમને જે પીઠનો દુખાવો થયો એનીય વાત તમે સૂવા નીકળતાં પહેલાં તમારી સાથે મોડે સુધી વાતો કરનાર અયના અને ભીખાભાઈ સમક્ષ જ કરી. તમે એમને કાનમાં ધાક પડી ગયાની વાત કરી અને એમણે તમને હળદરની ફાકી મારીને સૂઈ જવાનું કહ્યું. સૂવા આવ્યાં ત્યારે તમે મને પણ પૂછયું: આજે જાણે મને કાનમાં આટલા સણકા કેમ મારે છે?

હું તો કાચી ઊંઘમાં તમારો સવાલ સાંભળ્યો-ન સાંભળ્યો કરી પડખું ફરી સૂઈ ગયો. ક્યાં ખબર હતી કે એ બધાં હૃદયરોગના જ હુમલાનાં લક્ષણો હતાં? 'રિફર્ડ પેઈન' વિશે તો તમને પણ અવારનવાર જાણકારી આપતો રહેતો અને ખાસ કરીને જ્યારે પીઠ પર દુખાવો થાય ત્યારે એને ગંભીરતાપૂર્વક લેવાની તાકીદ પણ કરતો. વળી સ્ત્રીઓને માસિક ધર્મની પૂર્ણાહુતિ પછી તો પુરુષો જેટલો જ ભય રહે છે, એ પણ તમને વારંવાર કહેલું. પરંતુ ખરું જોખમ ઊભું થયું ત્યારે ન મને સમજાયું કે ન તમને એનો અંદાજ આવ્યો. કદાચ મને ઢંઢોળીને જગાડયો હોત તો મેં તમારી પીડાનો પૂરો તાગ લેવાનો પ્રયાસ કર્યો હોત; ફોન કરીને આપણા અમિતનો અભિપ્રાય પૂછયો હોત. તમને વેળાસર હૉસ્પિટલ પોહોંચાડ્યાં હોત અને બનવાજોગ કે તમને સમયસર સારવાર મળી હોત તો તમને બચાવી શકાયાં હોત.

એમાનું કંઈ જ ન બન્યું, તમે મારી ઊંઘ ન બગડે એવી ફિકરમાં તમારા દર્દને નજર અંદાજ કરી સૂઈ ગયાં અને એ પછી ક્યારેય જાગ્યાં જ નહીં.

શર્વુ, આથી વધુ પીડાદાયક બીજું શું હોઈ શકે! મારા જેવા સંવેદનશીલ જીવનસાથી માટે આ ઘટના તો મરણતોલ અપરાધ બોધમાં જ પરિણમે ને !

એક વાર તમને જીવતી હાલતમાં હૉસ્પિટલ ભેગાં કરી શક્યો હોત અને પછી તમે છેલ્લા શ્વાસ લીધા હોત તો કદાચ આટલો ઊંડો ખટકો ન અનુભવત. એટલું આશ્વાસન લઈ શકત કે મારાથી બનતું હું કરી છૂટયો...

અહીં જ આવે છે આપણા ઋણાનુબંધની વાત. મારા નસીબમાં તમને પાણીનો પ્યાલો ધરવાનું પણ સુખ નહોતું લખ્યું એ કોઈ જેવી તેવી કમનસીબી ગણાય?

શર્વુ, આને હું મારી નિષ્ફળ જિંદગીની સૌથી કમનસીબ ઘટના ગણું છું. તમે ગયાં, આજે નહીં તો કાલે હું પણ જઈશ-કોઈ ને કોઈ દિવસે તો મોત આવવાનું જ છે. પરંતુ મોતનું પણ એક 'લોજિક' હોવું જોઈએ એમ નથી લાગતું ? તમે થોડીક સેવા લઈને ગયાં હોત તો મને અત્યારે થઈ રહી છે એથી ઘણી જ ઓછી વ્યથા થાત. બલકે હું મનોમન મારી જાતને માફ કરી શક્યો હોત.

પણ કુદરતને એ કબૂલ નહોતું. એ મને મારાં કુકર્મોની આકરી સજા ફરમાવીને જ જંપી. હું જીવીશ ને જાગીશ ત્યાં સુધી મને આ અપરાધબોધ કોરી ખાવાનો. તું તો બહુ દયાળુ હતી શર્વુ, પણ આ અપરાધબોધથી તો તું પણ મને કઈ રીતે બચાવી શકે. કદાચ એ માટે તારે પ્રેત થઈ મારી સામે પ્રગટ થવું પડે, મને હું જીવું ત્યાં લગી સાથ આપવો પડે. તને એવી તકલીફ આપવાનો મને અધિકાર તો નથી. તું તો સાત્ત્વિકતાની મૂર્તિ હતી. તને તો છેલ્લો શ્વાસ મૂકતાંની સાથે ઈશ્વરે લખચોરાશીના ફેરામાંથી મુક્તિ આપી દીધી હોય. મારે ખાતર તારે પ્રેતયોનિમાં ભટકવું પડે, એવું તો હું ન જ ઈચ્છું શર્વુ.

પણ આ તીતીની નિર્દોષ બાળલીલાઓ જોવાનાં અધૂરાં રહી ગયેલાં અરમાન તને કદાચ મોક્ષ કરતાં પણ

પ્રેતયોનિ પર પસંદગી ઉતારવા બાધ્ય કરે તો નવાઈ નહીં. એવો મોક્ષ તે શા કામનો જેમાં પ્રિયજનોનો વિયોગ સહેવો પડે! શું ઈશ્વર કદી આપણને પોતીકાં કરતાં વધુ પ્રિય હોઈ શકે? ફિલસૂફો-દાર્શનિકો અને સિદ્ધ-બુદ્ધ સંત-મહાત્માઓ આપણને સદંતર શુષ્ક અને સ્વકેંદ્રિત બનાવતા રહ્યા છે. આ બધી તો માયા છે-આ કાચી માટીની કાયા પણ તારી નથી, ત્યાં વળી પુત્ર-પુત્રી, માતા-પિતા, ભાઈ -બહેન કે પારકી જણી પત્ની તારી થોડી થશે? આ તો એકમેકનાં ઋણ ઉતારવા જોડાયેલા ટેમ્પરરી સંબંધોની માયાજાળ છે. એમાં ફસાયો તો ગયો કામથી! તું તારા પંડને ઓળખ. આ પાંચ હાથનો દેહ તે તું ન્હોય!- દેહથી દેવ જુદો છે. આ પરુની, લોહીમાંસ અને હાડચામની કાયાની માયામાં અટવાઈશ નહીં. એ તો આજ છે ને કાલે નથી. તું એ નશ્વર, ક્ષણભંગુર કાયા નથી. તું દેહ નથી. દેહ તો તેં ઓઢેલું આવરણ માત્ર છે. જૂનું થશે એટલે બદલી નાખવું પડશે...

આવા ઊંચા તત્ત્વજ્ઞાનને હું નવ ગજથી નમસ્કાર કરું છું. હું દેહભાવમાં જીવું છું. ને દેહભાવની દુનિયા જ મને વહાલી લાગે છે. ગીતાની ઊંચી ફિલસૂફી મને ગળે નથી ઊતરતી. આત્મા જેવી કોઈ ચીજ હશે કે કેમ તે મુદ્દે હું સાશંક છું. કદાચ હોય તો પણ મારે એ શા કામની ? શર્વુ, તારું વયસહજ વાર્ધક્ય પણ મને સદાબહાર ચિરંતન અને શાશ્વત આત્મા કરતાં વધારે ગમ્યું હોત. હું મારી વૃદ્ધ થઈ રહેલી જીવનસંગિનીના મોતિયા ઊતરાવવાથી લઈ એના શિથિલ પડેલ અંગોને હળવે હાથે પંપાળી એક જબરું આશ્વાસન અને ઊંડો આત્મસંતોષ માણી શક્યો હોત. કુદરતે-નિયતિએ મને એવી તક જ ન મળવા દીધી. પિસ્તાળીસ વર્ષના સુદીર્ઘ દાંપત્યજીવન દરમિયાન હું તને બાકીનું તો ઘણું ન આપી શક્યો, પરંતુ મને સૌથી મોટો અફસોસ એ વાતનો છે કે તને હું સમય ન આપી શક્યો. સમયને મેં માનવી કરતાં વધુ મૂલ્યવાન માની લીધો એ મારી હિમાલય સમોવડી ભૂલ હતી.

આજે તારી વિદાયના દસ દસ મહિના પછી તારા મૃત્યુથી અજાણ એવું કોઈ અચાનક મળે છે અને પૂછી બેસે છેઃ કેમ સાહેબ, મજામાં? હજી કશો જવાબ વાળું એ પહેલાં એ તારા ખબર પૂછી બેસે છેઃ બહેન કેમ છે? એમના ઘૂંટણના ઑપરેશન પછી તો મળાયું જ નથી !

ઘૂંટણનું ઑપરેશન સફળ થયું ત્યારે આપણે મોંઘાદાટ વિદેશી સ્પૅરપાર્ટ્સ કેટલાં વરસ કામ આપશે એની ગણતરી માંડતાં. ડૉ. બીરેન શાહે કહેલુંઃ ઓછામાં ઓછાં સત્તરેક વરસ લગી તો બિલકુલ વાંધો નહીં આવે એની ગૅરંટી. મૅડ ઈન જર્મની છે. પછી આપણે સત્તર વર્ષ પછી ફરી પાછું ઑપરેશન કરાવવું પડશે અને નવાં મિજાગરાં બેસાડવાં પડશે એની ફિકરમાં પડી જતાં. શર્વુ, તમે તો બીજા ઘૂંટણની સર્જરી પછી પૂરાં ત્રણ વરસ પણ ન ટક્યાં!

પેલા જાલોરવાળા ભગવતીલાલ શર્માએ પંચ્યાશી પાર કર્યા પછી જોધપુરના રસિક કલામર્મજ્ઞ રાજવી મહારાજા માનસિંહ પર ઊંડું સંશોધન કાર્ય કરી ગ્રંથ રચ્યો છે. એ ગ્રંથની પ્રત સાથેના પત્રને અંતે ધ્રૂજતી કલમે લખે છેઃ आदरणीया श्रीमती शांताबहन को आशीः।

૧૩- ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨, સેકટર-૧૯,
ગાંધીનગર-૩૮૨૦૨૧ મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨

(અનુ. પાન નં.૮ પરનું)

એક દહાડો તો તમારા સ્વાર્થ સિવાય બીજી વાત કરવી હતી! એક પળ તો શુદ્ધ પ્રેમનો સ્વાદ ચખાડવો હતો! એક વાર તો જમ્યા પછી પૂછવું હતું કે, પાછળ ધાન રહ્યું છે કે પોપડા? એક દહાડો તો સાથ બેસી કંઈ રસિકતાનો, કંઈ ઊંચા વિચારોનો ખ્યાલ કરાવવો હતો! પણ એવી ક્યાંથી આશા? ખાઈ-પી, પેટ ભરી જિંદગી ગાળવામાં એવા વિચાર ક્યાંથી આવે?

અસલ સતીઓ આવતે ભવે તે જ સ્વામી માગતી. હું માગું, પણ તે લાયકાત તમે દેખાડી છે? આ ભવે છૂટી- પ્રભુ ફરી આપણો સાથ ન કરાવે! સાસુજીને કહેજો કે ફરી કોઈ ભણેલી સ્રી ન લઈ આવે !

અભાગિણી

('અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર, ડિસેમ્બર માસમાં મુનશીની જન્મજયંતી (૩૦-૧૨-૧૮૮૭) આવે છે તે નિમિત્તે વાચનપ્રસાદી)

|| અભ્યાસ ||

# અધ્યાય -૧૦ વિભૂતિયોગ

**ઘનશ્યામસિંહ ગઢવી**

શ્રી હરિ બોલ્યા કે હે પાંડુકુંવર તારું અવધાન જોઈને તને કહેલી અધૂરી વાતો એટલે કહું છું કે જેમ ઘડામાં પાણી નાંખવામાં આવે અને બુંદભાર પણ તે બહાર ન આવે તો તેને સંપૂર્ણ ભરવાનું મન થાય, ખેતરમાં દાણા વાવીએ અને ફસલ વધતી દેખતો કૃષક હરખાય અથવા સજાવટથી ભરપૂર બાળકને જોઈને મા સુખ પામે તેમ મહાભટ એવા તારા હિતને પારખીને-

भ्य एवं महाबाहो शृणु मे परमं वचः
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया।।

(ગી. ૧૦-૧)

આ જાણવું એટલા માટે પણ જરૂરી છે કે અર્જુનનું કે એવા કોઈનું પણ અનઘપણું સુરક્ષિત રહે એટલા માટે સર્વેશ્વર આદરસૂચક રીતે-

असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते

(ગી. ૧૦-૩)

કહેતા ઈશ્વરાભિમુખ બનીને ગમતા માર્ગ યા યોગથી જઈ શકાય તેથી તેને પસંદગીની પૂરતી મોકળાશ આપે છે.

ભિન્ન-ભિન્ન પ્રકૃતિના લોકો હોય તેને આ અભેદ તત્ત્વથી સંસૃત જગતમાં ભિન્ન ભિન્ન માર્ગો સુલભ છે-तुण्डे तुण्डेमतिर्भिन्ना ન્યાયે સ્વ બે રૂપે સગુણ-સાકાર અને નિર્ગુણ-નિરાકાર સ્વરૂપે સધાયેલ ગીતામાં બન્ને રૂપો અધિકારી સ્વાધિકાર મુજબ પ્રાપ્ત કરવા સમર્થ બને તેથી બન્નેનો ગુણાનુવાદ કર્યો છે. જ્ઞાની બ્રહ્મતત્ત્વને જે દુર્બોધ અને અગમ્ય છે તેને ધ્યાન વડે અને ભક્ત તેને સર્વવ્યાપી તરીકે ભગવદપ્રાપ્તિ માટે, કઠિનને સરળતાથી અનુભવી શકે તે માટે ભગવતવિભૂતિઓને તે પરમાત્માના સાક્ષાત્કારાર્થે પરોક્ષ-પ્રત્યક્ષ રીતે વર્ણવી છે. જે જ્ઞાનની દૃષ્ટિએ સંહિતાસ્થ નાસદીયસૂક્તોની સાક્ષી પૂરે છે. અન્યત્ર પણ સર્વાધાર અને આદિ તથા પુરાણ પુરુષ તરીકેની ખ્યાતિ સ્વયં કહી જ છે. તેમ છતાં તત્ત્વતઃ આદિ વ. નથી છતાં ભક્તની અનુભૂતિ માટે અભેદાર્થે મેં મારા આ સ્વરૂપને પ્રકટ કરવા, તેને મારા આ સ્વરૂપને દૃષ્ટિગોચર કરવા दिव्यं ददामि ते चक्षुः દિવ્ય દૃષ્ટિ આપી.

હે કિરીટી તું મને કેમ જાણે? જ્યાં વેદો મૂક બને, મન-પ્રાણ પંગુ બને, ઉદરસ્થ ગર્ભ માનું વય ન જાણે, જલચર ન જાણે ઉદધિનું પ્રમાણ, મશક માટે ગગનોલંઘન અશક્ય જેમ તેમ વિશ્વાધારને જાણવો દુર્લભ છે. એવું જાણ્યું કદી નેવાના પાણી મોભે ચડ્યા? મૂળ વૃક્ષે ચડ્યું કે તરંગોમાં સાગર સમાયો. શું પરમાણુઓએ બ્રહ્માંડને આવૃત્ત કર્યું? તો એવા મને જાણવો ન જાણવો ભૂતોના ભાવ ઉપર આધાર રાખે છે-

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वे पवर्तते।
इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विताः।।

(ગી. ૧૦-૮)

***

केषु केषु भावेषु चिन्त्योऽसि भगवन्मया ।।

(ગી. ૧૦-૧૭)

તેથી સ્વરૂપદર્શન દેવાદિ માટે પણ અસંભવ તો સર્વસામાન્યની તો શું વાત કરવી? સ્વોત્પન્ન પંચમહાભૂત, બુદ્ધિ એકાદશનો રાજા તો જગત જેની પ્રજા છે. જ્ઞાન, ભાવો, સપ્તર્ષિઓ જેમાં મતભેદે પૂર્વેના ચાક્ષુષ મન્વન્તરના પણ ભૃગુ, નભ, વિવસ્વાન, સુધામા, વિરજા, અતિનામ અને સહિષ્ણુ ગણાવાયા છે. બીજી રીતે ગીતારહસ્યકાર ટિળક તેને સાંપ્રત મન્વન્તરના મરીચિ, અંગિરસ, અતિ, પુલત્સ્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ એવો અર્થ આપે છે. જેનો ઉલ્લેખ મહાભારત શાંતિપર્વ નારાયણીય આખ્યાનમાં છે. વૈષ્વવપુરાણો મત્સ્ય અને વિષ્ણુ બન્ને કશ્યપ, અતિ, ભરદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને વસિષ્ઠને ગણાવે છે. ચતુર્ધા મનુઓમાં કેટલાક ચિંતકોના મતે ચૌદેય મન્વન્તરો ચૌદ મનુઓ. તેમાં સાત-સાતના બે વર્ગો છે. પ્રથમ સાત એટલે કે પ્રથમ સાત સ્વાયંભૂવ, સ્વારોચિષ, ઔતમી, તામસ, રૈવત, ચાક્ષુષ અને વૈવસ્વત છે, તે બાદના સાત સાવર્ણિ, દક્ષસાવર્ણિ, બ્રહ્મસાવર્ણિ, ધર્મસાવર્ણિ, રૂદ્ર સાવર્ણિ, દેવસાવર્ણિ અને ઈન્દ્રસાવર્ણિ ગણાવાયા છે. સાવર્ણિ મનુઓમાં દક્ષ, બ્રહ્મ, ધર્મ અને રૂદ્ર એક જ સમયે ઉત્પન્ન થયાનો ઉલ્લેખ બ્રહ્માંડપુરાણમાં છે. કેટલાકના મતે

ગીતા આ ચાર સાવર્ણિ મનુઓની સૂચિ આપે છે. આ પદ્યના અંતમાં જેથી આ જગતની પ્રજા થઈ એ ભાવ ભૂતકાળને દર્શાવે છે. તેથી ભાવિના સાવર્ણિઓ ન હોય શકે તેવો ટિળકનો અભિપ્રાય છે.

આમ પૂર્વના ચાર એ પદ સ્વતંત્ર રીતે લેવું સમ્યક છે. જેથી પૂર્વના ચાર પુરુષોને આંકી શકાય. હવે આ ચારમાં કેટલાકના મત મુજબ સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર એ ચારેયનો અર્થ કરવો એવું માને છે પરંતુ તેઓ આજન્મ સંન્યાસી હતા તો येषां लोक इमाः प्रजाः એ પદો ઉચિત નથી. ભાગવતધર્માનુસાર મરીચિ વ. સપ્તર્ષિઓ વાસુદેવઙ (આત્મા), સંકર્ષણ (જીવ), પ્રદ્યુમ્ન (મન) અને અનિરુદ્ધ (અહંકાર)એ ચતુર્વ્યુહની સંકલ્પના છે. એવું ટિળક માને છે. ગીતાના આ ચતુર્પુરુષો માનવા અભિપ્રેત છે, આ ચાર મૂર્તિઓ પરમાત્માના પુત્રો માનવાની કલ્પના મહાભારતમાં પણ છે, આથી તેઓને પ્રભુના ભાવો કહ્યા. પોતાની વિભૂતિઓ ગણાવતા કહે છે કે જે અવિકમ્પ છે તે ભકિતથી ઈશ્વરમય ચિત્ત અને પ્રાણોને રાખી સર્વદા સંતુષ્ટ રહેનાર એવા ઈશ્વરમાં રમણ કરનારને, સતત પ્રીતિપૂર્વક ભજનારને હું બુદ્ધિયોગ આપુ છું. જેથી મને પામતો એ ભકત तमसो मा ज्योतिर्गमय વા ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા એવી પ્રાર્થના પૂર્વક ભજતા ભકતને માટે સ્વ વિભૂતિઓની ઓળખ કરાવે છે. જે અમૃતમય વચનો સાંભળવા અર્જુન કર્ણોન્મુખ બને છે.

સ્વર્ગાપવર્ગ સકામો માટે હું મારી જાતને ધરી દઉં છું પણ મન ચંગા તો કથરોટમેં ગંગા ન્યાયે ભાવપ્રધાન પ્રેમ, ભક્તિ કે સમર્પણને ખાતે તો હું પણ લક્ષ્મી સહ નિજ સર્વાંગ અર્પી દઉં છું. મારામાં આત્મભાવ જેનો તેનો હું જીવનાધાર બનું છું ઉ.દા.ત. નરસિંહ માટે એક નહીં એકાવન વાર ખડે પગે ઊભા રહેલ વનમાળી. ગુડાકેશ કહે છે આવા કાલયંત્રના સૂત્રધાર એવા આપને જેમ અંધ સૂર્યપ્રકાશને અનુભવી શકે પણ આતપને જોઈ ન શકે તેમ હે ભૂતભાવન, જગન્નાયક, દેવતાર્ચક આપનું માહાત્મ્ય આપે કહ્યું. હું તને મારી દિવ્યવિભૂતિઓનું કેવી રીતે આકલન કરાવું? આવું અનંત કહી રહ્યા. તો પણ પ્રાણીમાત્રના હૃદિ સંનિવિષ્ટ એવો જેમ બીજ મુઠ્ઠીમાં આવે તો સમજીએ કે વૃક્ષ હાથ આવ્યું તેમ વિશ્વમાત્ર તેને જોવાથી જોવાય જાય એવા વિશ્વનો આદિ, મધ્ય, અંત હું છું.

પ્રત્યેક સર્જનમાં શિખરસ્થ હું છું. જેમકે આદિત્યોમાં વિષ્ણુ અર્થાત દ્વાદશાદિત્યોમાં વિષ્ણુ નામક આદિત્ય એટલે કે વામન હું છું. જયોતિષ્માનોમાં સૂર્ય, નક્ષત્રોમાં ચંદ્ર અર્થાત જયોતિષશાસ્ત્રમાં ચંદ્રને નક્ષત્ર માનવાની વાત જયોતિષ વેદાંગ કહે છે. ઓગણપચાસ મરુતોમાં મરીચિ હું, વેદોમાં સામ અર્થાત કર્ણપ્રિય સ્વરબદ્ધ વેદ સામવેદ સ્વયં કૃષ્ણ છે, જેણે કૃષ્ણાવતારમાં બાંસૂરી બજાવી ગોપીઓને ઉત્કંઠ કરી. જો કે છાંદોગ્યમાં ઓમકારને ઉદ્‌ગીથ કહ્યો જે સામસાર છે. અહીં ભક્તની દષ્ટિએ ગાન, પદ કે ભજન ગેય હોવાથી અને આકર્ષક તથા ગદ્ય કરતા સરળ હોવાથી સમજી શકાય કે કૃષ્ણને ગાન વધુ પ્રિય છે, તેથી સામને પોતાની વિભૂતિ ગણાવી. દેવોમાં મરુત્બંધુ ઈન્દ્ર, એકાદશ ઈન્દ્રિયોમાં મન, ભૂતમાત્રમાં સ્વભાવગત ચૈતન્ય, એકાદશ રુદ્રોમાં શંકર, યક્ષાદિ અર્ધદૈવી જાતિઓમાં ધનવાન કુબેર, અષ્ટવસુઓમાં પાવક ગણાવાયા છે, શિખરધારીઓમાં મેરુ, સર્વજ્ઞતાના પુરોધાઓમાં દેવગુરુ બૃહસ્પતિ, સેનાપતિઓમાં ષડાનન, તારકનો સંહારક સ્કંદ, જલરાશિમાં સાગર, તપોરાશિ મહર્ષિઓમાં ભૃગુ, અશેષ વાચાઓમાં ઓંમ, કર્મત્યાગપૂર્વક પ્રણવાદિથી નિષ્પન્ન યજ્ઞમાં જપયજ્ઞ, પુણ્યપુંજ સ્થાવરોમાં હિમાલય, નાદવિદ્યોપાસક દેવર્ષિઓમાં નારદ, ગન્ધર્વોમાં ચિત્રરથ, ભલે કલ્પદ્રુમ, પારિજાત કે હોય ભલે ચંદન પણ વૃક્ષોમાં અશ્વત્થ, સિદ્ધોમાં સાંખ્યદષ્ટા, દેહહૂતિપુત્ર કે સિદ્ધાગ્રણી કપિલ, ચૌદ રત્નોમાંનો એક અશ્વોમાં અશ્વ ઉચ્ચૈશ્રવા, રાજભૂષણ હસ્તિઓમાં એક ગજેન્દ્ર ઐરાવત, સુમથિત ક્ષીરાબ્ધિમાં અમૃતાંશ, નરોમાં નરાધિપ, આયુધોમાં વજ્ર, ધેનુઓમાં કામધેનુ, પ્રજનનમાં કામ જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થોમાંનો એક, સર્પકૂળનો અધિષ્ઠાતા અનન્તનાગ, જલચરોમાં વરુણ, સમસ્ત પિતૃઓમાં અર્યમા, જે લેખાકાર અને પ્રાણીઓના મનનું નિરીક્ષણ કરે છે તેવા નિયામક અને કર્મસાક્ષી ધર્મ કે યમ, દૈત્યોમાં પ્રહલાદ, સર્પોમાં વાસુકી-આમ તો સર્પ જાતિવાચક છે

પણ નાગ અને વાસુકી અર્થાત્ શ્રીધરી ટીકામાં સર્પ સવિષ અને નાગ નિર્વિષ કહ્યો છે તેથી બન્નેને વિભૂતિઓમાં પૃથક ગણાવાયા હોય. રામાનુજાચાર્યના મતે સર્પ એક ફેણયુકત અને નાગને અનેકફેણ યુકત કહ્યો છે. વાસુકીને સર્પોનો રાજા અને અનંત કે શેષને નાગોનો રાજા ગણાવાયા છે. જેને મહાભારત કે શબ્દકોષમાં વાંચી શકાય છે. જો કે આ બન્નેને અનેક ફેણવાળા અને વિષયુકત ગણાવાયા છે. તેથી આચાર્યોનો મત એમના ભાષ્ય પુરતો ઠીક છે. નાગદમનલીલા કૃષ્ણે કરેલી અને યમુનાને વિષમુક્ત કરી હતી. ગાયત્રી એ ત્રિપાદી અને ચોવીસ અક્ષરા રચના જપયજ્ઞમાં મુખરા શુદ્ધ વૈદિક વૃત્ત છે तदाहुर्गायत्राणि बै सर्वाणि सवनानि गायत्री हयेवैतदुपसृजमानैः। (શતપથબ્રાહ્મણ) गायत्री वा इदं सर्व भूतम। (છાંદોગ્ય) બ્રાહ્મણાદિમાં સ્વીકૃત છે. શ્વાપદોમાં સિંહ, ગગનવિહારી પક્ષીઓમાં ગરુડ, પાવનકર્તા અને ગતિશીલોમાં પવન, સૂર્યવંશોદિત શસ્ત્રધારીઓમાં રામ, જલચર મત્સ્યોમાં મકર, પુણ્યપ્રવાહ સ્રોતોમાં જાહ્નવી, વિદ્યાઓમાં સુમતિ અધ્યાત્મવિદ્યા જે મોક્ષહેતુ આત્મતત્ત્વ પણ છે. પ્રતિપાદનોમાં વાદ, અક્ષરોમાં વિશદ અકાર, બહુસમાસોમાં દ્વન્દ્વ, વિશ્વધાતા, મૃત્યુ સર્વહર, સ્ત્રીઓમાં કીર્તિ, શ્રી, મેધા, વાક્, સ્મૃતિ, ક્ષમા, ઋતુઓમાં કુસુમાકર, છલીઓમાં દ્યૂત, તેજસ્વીઓનું તેજ, સત્ત્વશાળીઓનું સત્ત્વ, વૃષ્ણિઓમાં વાસુદેવ, પાંડવોમાં ધનંજય, મુનિઓમાં વ્યાસ, કવિઓમાં શુક્ર, દમનકર્તામાં દંડ, વિજેતાઓની નીતિ, ગુહ્યોમાં મૌન, જ્ઞાનીઓમાં જ્ઞાન અને સર્વધર્તા હું છું જેનો ચિતાર શ્રીમદ્ભાગવતમાં આપ્યો છે. ચરાચર મારા વિના ન હોય શકે, મારી દિવ્યવિભૂતિઓનો પાર નથી, માત્ર અંશાત્મક તને જણાવ્યું છે. જે જે મહત્તે તે મારાથી યુકત છે.માત્ર અંશભૂત હું તે સર્વને ધારણ કરી–

ममैवांशो जीवलोके जीवभूतो सनातनः। (ગી. ૧૫)

રહ્યો છું. પુરુષસૂકતમાં ત્રિપાદભૂત ઉર્ધ્વ અને એકપાદ માત્ર આ બધું દેખાઈ રહ્યું છે તે છે–

पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्याऽमृतं दिवि।

ઉત્તમ, મધ્યમ અને અધમ અધિકારીને લક્ષમાં રાખી વર્ણન કરેલું છે. હું સર્વભૂતાત્મા છું. ઈશ્વરભૂત સર્વ છે તેવી ભાવનાને જે અનુભવે છે તેના માટે હું હૃદગત છું. મધ્યમાધિકારી માટે શ્રીકૃષ્ણ કહે છે કે હું પ્રાણીમાત્રનો આદિ વ. એટલે તે રીતે મારું ધ્યાન ધરવું અને અધમ અધિકારીએ જ્યાં જ્યાં ભિવૂતિમત દેખાય ત્યાં ત્યાં મારો અંશ જોવો. આમ અધ્યાસથી સર્વત્ર ઈશ્વરસંન્નિધિ જોતો, તે તત્ત્વના અસ્તિત્વનો અનુભવ કરતો, એકાકાર બનતો જશે, શું ભૂગોળને હસ્તગત કરી શકાય? કે ગગનનું પોટલું વાળી શકાય? ના તો સર્વગ્રાસકને કેમ ગણી શકાય? અરે કદાચિત ભૂમંડળના તૃણાંકુરો ગણી શકાય કે વર્ષાધારાઓને પણ ગણી શકાય, પણ વિભૂતિશેષ કયાંથી જાણી શકાય? અહીં કંઈ છે તેને તેના વિના કેમ જાણી શકાય? આવું જ ઇન્દ્રની વિભૂતિઓનો ઉલ્લેખ–

वा हि त विभूतय ऊतय इन्द्र मावते (ऋ.वे १-८-९)

આ ગણનાના અંતે કહ્યું છે કે –

विष्टम्याहमिदं कृत्स्नमेकाँशेन स्थितो जगत। अत्यतिष्ठत दशांगुलम ने વિષ્ણુપુરાણાનુસાર–

सर्वे च देवा मनवः समस्ता सप्तर्षयो ये मनुस्नवश्च।

इन्द्रश्य योऽयं त्रिदशेषभूतो विष्णोरशेषास्तु विभूतयस्ताः।। (वि.पु. ३-१-१६)

વાયુપુરાણ તેને અનુસરતાં કહે છે કે કશ્યપે પ્રજોત્પત્તિ કરીને પ્રજાપતિ વડે પ્રત્યેક જાતિ વિશિષ્ટ તેજસ્વી અને શ્રેષ્ઠ પ્રજાના નિયમન અર્થે સર્જવાનું કહ્યું ત્યારે કશ્યપે આદિત્યાદિઓમાં વિષ્ણુ આદિઓને બનાવ્યા. જેમાં વત્તે ઓછે અંશે વધારો ઘટાડો જોવા મળે છે. વાસુદેવ સઘળે છે –

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदुर्जितमेव वा।

तत्त्देवावगच्छ त्वं मम तेजोऽसंभवम् (ગી. ૧૦.૪૧)

એવા ભાવને ઘનીભૂત કરી પ્રભુના વિરાટ રૂપની ભૂમિકા બાંધી આપી છે.

નલિની અરવિંદ આર્ટ્સ કૉલેજ, વલ્લભવિદ્યાનગર
મો. ૯૪૨૬૦ ૭૫૩૮૦

## H M : A Phenomenon between 27th August 1904 and 30th Nov. 1993

(Memorial Lecture delivered on 27th August, 2017)

**Sulabha Natraj**

Attending the Founder's Day Celebrations at the H M P I ET & R has been a part of my life since the very first in 1966 when there used to be numerous cultural items, a major one being an English play. After the Founder's demise, the day is earmarked for a memorial lecture. I might hardly have missed a couple of these celebrations owing to be away from the town. Then I was attending the function as part of the audience.

So, after accepting the invitation to deliver a talk, soon it dawned on to me that this time I was supposed to be the speaker at this prestigious event! I was anxious about what I'd say about a stalwart like Dr. H M Patel for there is so much to say yet nothing would be enough. He lived such a rich, such a phenomenal life that it is difficult to make choice about his personal characteristics and works, assignments, achievements, accomplishments.

I have known Dr. H M Saheb (as he was fondly known) since the birth of this institute in 1965. I was a mere slip of a girl when our family had moved to Vallabh Vidyanagar. My father happened to be a faculty member at the institute thus I had a kind of family right to attend the functions at the institute! After completing my schooling, I took admission at this institute at the 5-year integrated teacher education program (BABEd, followed by one-year M.Ed. prog) and after teaching at school for a year, like a rough coin, I returned to my mint, this very institute to be polished further and in a different avatar, as a faculty member. Thus, I had the fortune to observe the Founder from varying perspectives.

We look at the past and try to understand it, learn from it in the context of our contemporary world. So reference to the people and contexts in the present will be seen in my presentation. Similarly, each one views the world differently. Therefore, versatile personalities such as H M Saheb are viewed differently by different people. A lot is said about them yet lives of such social transformers are so rich that something can always be added. Here is that attempt. In a way, mine is a unique view point because I'm the first alumnus of the institute to talk about the Founder at this memorial lecture. That's a huge privilege and also an onus! Reflecting over HM Saheb's life is an intellectual pursuit, a challenge to be coherent. Talking about him is a creative endeavour and a social and political statement. Therefore, it is challenging.

When the Founder was alive he used to attend all the major functions at the institute. Every year the 27th of August was celebrated in his presence when we used to tie a *Rakhi* to him and offer coconut wishing him good health. Then he would be offered mementos, replicas of famous monuments: the Sun Temple of Modhera, sidi Saiyyad's Jaali of Ahmedabad, etc. All these trophies were returned to the college at the same function and offered as trophies to honour students for their talents. That's how we had the Best Sports Person Trophy, Best Scholar Trophy, Best All Rounder Trophy, Debater Trophy, etc. They must be still there in the cupboards in the library, I suppose. There used to be some play in English for which all of us, students, faculty members and the Principal Prof. Subhash Jain put in a great deal of effort. Principals of colleges on the campus and Heads of P G Depts from the

University would attend the programme, essentially to watch the English play and to participate in the celebrations of Dr. H M Patel's birthday.

My impressions about Dr. H M Patel can best be expressed through a handful of incidents. Quite a few of them could also be called 'encounters'! It was the year 1966. I studying in class six when I saw him for the first time. The occasion was 3rd March, the foundation day of this seat of learning, that is, Vallabh Vidyanagar. Those were the days when arrival of 3rd March created ripples in the hearts of the residents of this township. The day assumed a special significance through a variety of academic and cultural activities. one of these events was an elocution competition on the topic 'Vallabh Vidyanagar – My Home Town'. Dr. H M Patel was listening to us - kids - with a great deal of attention. He held this township dear to his heart, as his progeny. Not only did he enjoy talking about her but also listening to others adore her. He couldn't tolerate anything that adversely affected the growth and development of this town. I still remember that in his speech he had invited and challenged all of us present there------ all in our early teens–to build a strong, vibrant Vidyanagar. I took an instant liking to this English gentleman (which later developed into admiration) who thought that even children could build nations. I felt instantly inspired.

In my presentation, I have planned to talk about the Founder's works and accomplishments in general then moving on to focus on his contribution in the field of education, and English to be specific. Since the audience today comprises mainly students and youth of two generations away from the time when Dr. H M Patel lived I think it would be worthwhile and highly inspiring to say a few things about the major aspects of his life in general.

His was a **versatile personality.** Therefore, he is variously known as “a superb intellectual, a social worker, a man of vision, a scholar of economics, a servant of the society, an institution builder, a well-wisher of rural masses, an Indian Englishman, an humble intellectual, a pragmatic visionary, a liberal minded person, an exemplary leader, a cool orator, a film maker, etc. He was European in etiquette but a loving family man. He had lived numerous lives in one life-time: he was the chairman of GEB, advisor to the committee on utilization of Narmada water, an economist, Finance Minister in the Central Govt. At the age of 42, he was the youngest cabinet secretary. He was a statesman, an environmentalist, Defence Secretary, sarpanch of a small town. He was indeed a confluence of power, prosperity and humility.

**Epic life:** Considering the innumerable roles that he played and the high quality that he showed in anything he undertook to do, in fact, some of his contemporaries have called him 'a phenomenon'. He was not only an Indian Civil Servant, but the topper at the exam wherein Indian as well as British aspirants used to appear. Regarding his reputation as an ICS, I've read that many of his British colleagues respected him, admired him. He was so powerful and so gifted that even the British officers, when they had to come to him, used to feel shaken. He certainly had established a name for himself even during the British days.

**Sardar trusted** HM so much that after the partition, when the geographical and material assets were to be divided between India and Pakistan, H M was given this responsibility from the Indian side. Dividing the land, the army, railways, postal and other services and

resources between the two countries was indeed a responsibility fit only for the best of the cadre. That was the time when he worked for 18-20 hrs a day! When he had completed the responsibility of division of assets, when Sardar was shown the document he said, "Well, if Hirubhai has signed it, I will sign it. I have nothing further to say".

After the independence, Pak-India had collided over Kashmir. Pakistan had invaded Kashmir. Nehru and Sardar assigned the responsibility to HM who handled the responsibility so dexterously that Lord Mountbatten, who himself was an efficient administrator was taken aback by HM's management. He was also at Germany's Hamburg as India's Raid Commission in Europe just before World War II. (1937-39). Such an internationally busy person also chose to be the sarpanch of a small rural town called Vallabh Vidyanagar. Thus, he was simultaneously a global as well as a local resident. In the words of Wordsworth in Skylark, his was ' kinderd point of heaven and earth…' His one foot was in the heaven and the other on the earth!

HM Saheb's ideas on economics were ahead of the time he lived in. He believed that the State/ government was not to run industries or businesses. It was to govern, administer, facilitate and monitor these businesses and run only those industries which private entrepreneurs could not. He was against too many hurdles and controls over private enterprises. His policies in the 6$^{th}$ decade of the last century were liberal, much before glasnost and perestroika happened and liberalization, privatization and globali -sation became a popular theme at seminars. During his tenure as the Finance Minister, prices of commodities were very much under control. HM was one of the select civil servants who did much to smooth India's transition to independence and to carry the country through the traumas of partition, war and move towards socialism. As the Finance Minister in the Central Cabinet he brought about financial stability to the Indian economy. He also advocated open market and freedom to private businesses which has happened now 4 decades after his vision.

**Personal characteristics**

According to his contemporaries, HM Saheb had the understanding and tact to retain what was good in the old times and imbibe the new needed for healthy rural transformation. In attire, life style and disciplined conduct he was a European yet was a servant of the rural masses. He had taken the most relevant from both the cultures -- Indian and western. He was a private man who never talked about himself. He was courtesy personified. He had good taste and high standards in everything he was interested in and undertook to do. He was fair-minded. Personal likes and dislikes did not influence his judgment. He did not need lengthy explanations to grasp situations. He could size up situations at one hearing. However, he got easily irritated by inefficiency in anyone's work.

Mr. I G. Patel, then the Governor of the Reserved Bank of India, called him a private person. "HM never sought publicity, nor ever sought any kind of interview with anybody. All that mattered to him was the public cause, public duty, public purpose and that is a rare thing". Another bureaucrat, Maurice Zinkin, an Under Secretary in Textile Control in Industries Ministry, 1943, says, "HM was a very nice man. He was never malicious; he did not gossip except in the most friendly way. He cooperated with his equals and developed his juniors. He was never afraid to express his opinion but he

always knew when duty demanded obedience. He was helped to carry the burden of constant decision-making by the happiness of his marriage, affection of his friends and the depth of his religious faith. He was always a patriot."

Although educated in Britain and an admirer of their work culture, H M Saheb was an Indian at heart. He loathed slavish mentality of any degree and kind. On the inauguration of the Extension & Media centre, the British High Commissioner to India, Sir John Brasnett, was a guest at the Institute. I had been asked to anchor the programme. While inviting Mr. Brasnett on to the stage, I had mentioned the 'familial' ties between India and Britain. The Briton looked amused but Dr. Patel was restless. Later, during his speech he referred to the 'colonised psyche' of our people and the harm it had caused to the nation. Although he was open to everything desirable in other cultures, he was deeply rooted in Sanskar that were thoroughly Indian.

O**n conservation:** As early as in the 70s, he wrote a book with the title 'A Policy for National Conservation' when the theme was not really very popular. He had expressed concern about the flora and fauna and rehabilitation of the displaced population. He held meetings, gave talks and drew attention of public to the damages that different projects were causing to the ecological balance. He was not merely a pessimistic critic of the national myopia on this issue. His essays should be viewed in the context of continued governmental and public lack of concern for conservation even today.

**Education:** Although HM Saheb's field of work was politics, he was NOT a politician. He was a great statesman, an administrator, a leader, and a highly knowledgeable person (Gyanipurush). He had innumerable interests but his **priority was education**. He was a great torch-bearer of education. His rich personal library, his command over many languages, his liking for participation in academic meets, his love and regard for men of letters, his writing and speeches on education and his concrete suggestions for the same etc. testify to the fact that he was every inch an academician. When he was the Finance Minister, as per the protocol, there were numerous security personnel accompanying him at the institute functions. But he himself was the usual casual person without any show off. He was truly an academician with focus on quality and excellence. He was ready to take great risks for the sake of discipline and quality. Once when for some reason the students of the BVM, the first engineering college of Gujarat went on a strike, HM Saheb called the parents of the students and tried to talk to them. When even the parents were adamant, he declared that if the college was not to prepare quality youth, it should be closed down! It is this legacy of insistence on quality and excellence at the CVM institutions kept alive by the current Chairman sir that is keeping CVM institutions ahead of the run-of-the mill degree shops even today in the days of stark commenrcialisation! During the initial years of the building of this township, there were numerous teething troubles. In fact, numerous vested interests did not want such a person of high integrity to be at the help of the CVM. So, once even the garden of his house was set on fire! But HM was fearless. He was sad due to the indiscipline but had full faith in his work.

He was a **voracious reader**. He used to express his concern over paucity of thinking and reflective practice among the

academicians and the society at large. He used to say, “Reflective thinking was never needed so much as it is today”. He was a man of dialogue and discussion.

Adorned in western attire, suit-boots and a matching necktie, he seemed to be a distant, reserved person but he was quite warm once approached. Although he himself spoke less, he was a very good listener. He was outspoken but not aggressive. He was highly disciplined and expected such conduct but simultaneously was liberal. His own life was no-nonsense type yet was humble and tolerant at others' follies. This has been mentioned by his colleagues and contemporaries.

He strongly believed and used to say "Education is the first step towards development. Education develops thoughts and thinking, so very much needed for progress. And, truly revolution does not come with talks and speeches. If you believe in something, then you must act". Patel Saheb was a man of action. One example of this is the film he planned to make on Sardar Patel so that future generations could be kept aware of the contribution of Sardar in the freedom struggle and nation building. The film was his tribute to Sardar Patel.

On every Founder's Day, he would join us, the faculty members at the lunch. During this time he would ask us, “What are you reading these days? What is it about? How do you get ready to teach?” No one dared say anything but the truth. He seemed to read our minds. He was highly concerned about the ill-effects of private tuition classes. Anyone who had the fortune to be in his company or had opportunities to even listen to his talks would vouch for the depth and breadth of his ideas. His talks used to be highly thought provoking. For instance, he often used to say, “Why do people feel hurt so easily in simple issues? Further would add, “English does not have an expression like '*risai javun'!* In the West, people are able to debate over issues without getting personal”. He used to wonder whether it was intolerance for diverse views, a feeling of exclusion, ego or lack of democratic maturity that led to such sulking.

He had a passion for intellectual activities. His wish was to create a nurturing climate for development of talents among the youth on the campus. Discussions and debates for the purpose used to be his favourite activity. The Study circle continued for some time because he believed that interaction on the contemporary social issues was very important for development of awareness and a democratic perspective among the youth. He was sad that the activity did not really flourish. But he used to say, “Someday, somewhere, something will happen!” This idea of a **Study Circle is a good way of paying a tribute to the Founder.**

He was highly concerned about deterioration of standards in education, especially primary and secondary education. He had talked about these issues, even offered ideas for improvement. These were published in 'Prathmik Shikshan: Dasha ane Disha' and 'Madhyamik Shikashan – Padkar ane Parivartan'.

**English :** Educated that he was at Oxford, he spoke the standard Oxford English. He was also aware of the need to learn good English for people in Gujarat. His concern for English was the genesis of this institute. On his $60^{th}$ birthday, the people of the township decided to offer him a bagful of money as a symbol of gratitude for the service rendered by him to the society. On this he had said, “Since the time I knew that I was going to be offered a bag, I've

been worried about what is to be done with the money. I think that at present no other subject needs so much help as English. Therefore, I dedicate this amount for the purpose". That is how this institute came into existence. Then it was called HMPIE. Later when projects from outside agencies started flowing in, the Research & Training wings were added.

The decade of the 60s was anti-English time in the State of Gujarat. Even the ruling party was with anti-English policies. Barring a few exceptions almost everyone was anti-English. The youth today may not understand the situation much. But let me explain a bit. Being good at English, even being at this institute in the 70s (over three decades after the independence) too was considered anti-national! If you were for English, you were not a patriot! That was the feeling in the air amidst which Dr. H M Patel thought of establishing this institute to prepare teachers to teach good English in schools so that the new generations of Gujarat could benefit in ways more than one! Imagine the loss that the business houses of Gujarat would have made if the people running them did not know sufficient English. What would have happened to the dreams of a large number of Gujarati families to settle in the USA, UK, Australia, Canada and elsewhere? Dr H M Patel was a visionary - patriot who knew what was needed for the progress of the newly formed State of Gujarat. His education at Oxford as well as grooming through international exposure and projects had made him broadminded. Also, he was ready to take risks about being branded anti-national! The HMPIETR is his dream come true! It was a real accomplishment. Normally politicians cannot see life beyond short-term gains. But HM Saheb was a statesman who could see the future of the society and had gumption, the courage to act according to his beliefs. It is believed that people who are visionary are not practical. HM Saheb was both.

His use of English was the Oxbridge variety. There was no ambiguity, clear opinion, impeccable accent. It was a treat listening to him. He was someone who believed in exactness, precision in everything. He could be surprisingly articulate. He never wasted words. In fact, he rarely restructured his sentences, especially in English. Here it will be very relevant to mention David Graddol's research as published in his book English India Next, 2004. The opening sentences of the book are these: "India speaks English. That's what the world thinks". Then he goes on to talk about the non-standard use of English due to proliferation of English medium schools in India the largest English speaking population outside the English world. He is so very right. Despite proliferation of English, proficient users of English in India are rare today. That is because second language learning being an additional accomplishment demands rigor and perseverance. So, young friends, learn to be proficient in English. Use the standard Indian variety. Be intelligible. Be accurate. Be fluent. Learn to say what you mean. At the individual level, even this will be a great tribute to this lover of languages! Moreover, you can gain a great deal through skilful use of this global language! Become a teacher, a coach, a translator, a media person, a researcher, a writer/ editor, reporter, even a transcript writer. Become sales persons for various business houses! The purpose of establishing this institute can be served by developing our proficiency in English.

He was very good at Sanskrit, too. That was his second language while at St. Xavier's College, Bombay. Initially, when he had come to

VVN he fumbled while using Gujarati. But within no time he was even writing for newspapers, journals and magazines. 'Nirikshak', a well-known newsletter in Gujarati wherein literary luminaries such as Shri Umashankar Joshi, Mavalankar, Ishwar Petlikar, Yashvant Shukla ji contributed was supported by Dr. H M Patel. He even has translated/ trans-created novels of Shri K Munshi ji. (*Tapasvini and Pruthvi Vallabh*). His contribution and support to bring out volumes of Akhand Aanad and Gnangangotri are well known to the senior generation. Gnangangotri was originally supposed to be in 8 volumes but it expanded into 30! Despite the heavy cost he supported the endeavour for its worth. He advocated strengthening of Gujarati, the *Bhumibhasha* among the youth for that is the first channel for cognitive development and this basic language learning ability develops language learning agility, too. Once any one language develops well, it becomes the basis for comparison and contrast for learning other languages, especially for adult learners.

Another major contribution of HM Saheb in the field of education was the medical college in Karamsad. Unlike Karnataka and Maharashtra, in those days Gujarat had no private medical colleges. Visionary that he was, HM was convinced that efforts by private agencies were needed to supplement government efforts to produce qualified doctors trained in rural surroundings. So, he marshaled resources and doggedly followed up all the intricate procedures to start a private medical college within a short span of time.

**He saw life in totality**: He has reflected over, written about and worked on assignments and projects on societal development, politics, culture, environ-ment, education, literature, fine arts, public administration, management, science, health, rural development and many more. He was an institution-builder of a high order. Apart from being the Chairman of CVM, he was either a creator or a founder member of many an institution such as Sardar Patel Vidyalaya, New Delhi, Dharmaj Kelvani Mandal, Dharmaj, Sardar Patel Institute of Economic & Social Research, Ahmedabad, Institute of Public Administration, New Delhi; he also created Vitthal Udyognagar, the industrial extension of VVN and Arogya Mandal to provide health and medical services to the rural masses of Charotar region. He was associated with several socio-cultural, educational organizations.

**Message to the youth**

He had a soft corner for students and youth. Also, he had huge faith in the youth of the country. He would observe people at work and in different activities and encourage individual students and young faculty members. When he was the Defence Secretary at the National level, he established the National Cadet Corps (NCC), for engagement of the youth in civic defence. He initiated establishment of the Career Development Centre (CDC) at the age of 80 because he thought bright students from Anand-VVN should be provided guidance and opportunities for excellence. His emphasis was not only on material resources and technology but development of human resources.

He was a man of action. He even exhorted people who lacked commit-ment. During her visit to VVN, respected Vimalatai Thakar (a saint, social worker, who had worked with Jay Narayan ji and was a youth leader) was talking about the responsibility of the elite, the educated people towards social awakening. She challenged the small gathering there to

take up a few activities in VVN. Someone from the group suggested that a committee be formed for the purpose. Upon this, the devout karmyogi, Dr. H M Patel said, "There is no need to form a committee. I'd like persons present here to raise their hands if they would like to undertake these tasks". He always meant business.

One more such incident. In the year 1974, the university athletic team had performed exceptionally well at the zonal level. Until then no athlete from this university had ever won medals outside Gujarat. On our return from Gwalior where the athletic events were held, we went to see Dr. Patel who was the Chairperson of the Board of Sports at the University. The Syndicate session was on. However, on hearing the news of our team's victory he called us inside the Board room and congratulated us amidst discussion. For a person who was a stickler for rules, this was something out of the way. But there he was --- a different person, a patron of the youth, of those who persevered. He encouraged people who would strive. During the 80s, when the institute had begun to make its presence felt across the nation, the Founder would publicly appreciate the efforts of the Director, faculty. Since praise from him came very rarely, it was valued highly. However, after the appreciation he would show higher ceilings to be reached.

**What do we learn from such an epic life?**

1. Punctuality and discipline at work and life: He was never late for any programme even as the Finance Minister he came in/on time and insisted that programmes should begin on time. Higher values such as perseverance, commitment, honesty and integrity
2. Excellent communication with economy yet exactness in the use of words.
3. Become effective teachers and trainers so as to pay the debt to the institution that is grooming you and making you employable. In this manner you can extend yourself to help the society. With the backing of this institute, the young teachers should vouch to make Gujarat really proficient in English for at present that is our major strength against China.
4. An Impact Study of the institute may be taken up. It could be by a team working on different aspects of accomplishments by the institute during the last 6 decades or so.
5. An active Study Circle was an idea dear to our dear Founder. This institute can take a lead to make it happen.

All of these are doable ideas, aren't they? In a letter to a student HM Saheb has said, " …I venture to hope that you will never forget that one's real satisfaction is derived only from a life from which the element of service is never absent….".

I suggest that all the young people in this hall should read, rather study, the memorial volume HM. Even those who feel disinterested in anything will spring to buoyancy, such are the unique episodes of this great person who walked on the soil of VVN and stood in the corridors of this very institute established by him.

The Bhagwat Geeta says, " The soul is not born, nor does it die. It is not killed when the body is killed". Therefore, HM Saheb's blessings will always be with us. Life is just a journey, a changeless, eternal trip. HM Saheb kept the world of education aware and awake for 3 and a half decades. He did not give himself time to grow old. He worked like a man in his prime of youth well in his 80s, too.

The history of VVN is replete with stories of perseverance, sacrifice and dedication to the cause of building a township for progress of the rural India. The Founders of the township Shri Bhaikaka and Shri Bhikhabhai Saheb sowed the seeds. They established the township. Dr. H M Patel nurtured the seeds and the sapling that was a young township. He consolidated the gains of the earlier efforts. As a natural process, the tree, once mature, has to grow in size and volume. Now, our current chairman, Dr. C L Patel is expanding and extending the township. Each of these stages, of laying down the foundation, consolidating it and then expanding the area requires humungous efforts and resources. For these servants of the society, their work has been their religion and when such a thing happens, there is no time for fatigue and frustration. This can be a major lesson for the youth today who live under tremendous stress for some unknown reasons. Such luminaries are the pride of Gujarat.

When we are close to great people in terms of time and place, we are not able to recognize the depth and width of their work, their influence. The yeoman service done by Dr H M Patel and Dr. C L Saheb is beyond the grasp of most of us. That is a shortcoming on our part. It is no exaggeration to say that these great persons have dedicated all their energies for imparting good, quality education to the rural youth at the door steps but also broken new grounds through innovative ideas to build a unique modern educational campus. I bow down to each one of these great souls.

Finally, if I were to say only one sentence about Dr. H M Patel, I'd sum up saying this: **His honest, persistent and selfless hard work, dispassionate, brilliant and visionary perspective and insistence on values have left his footprints on the history of V VN, Gujarat, and India.**

Each one of us staying in this town wedded to knowledge gathering and knowledge creation ought to do our best to nurture the climate that is rich with learning. That will be our tribute to these great lives that have lived for the society. If we strive towards these, HM's soul will surely shower blessings on us.

Hon. Director,
Colleges of Education, Charutar Vidyamandal

## જીવનના રંગમંચ પરથી નાટ્ય દિગ્દર્શક શ્રી નિમેષ દેસાઈની અચાનક વિદાય



૧૪મી નવેમ્બરની વહેલી સવાર રંગભૂમિ માટે આંચકો આપનારી ઊગી. આગલી સાંજ સુધી કાર્યરત એવા પ્રસિદ્ધ નાટ્ય દિગ્દર્શક, કલાકાર શ્રી નિમેષ દેસાઈએ આપણી વચ્ચેથી અચાનક વિદાય લીધી. લગભગ ૧૦૦થી વધુ નાટકો, અનેક ટીવી સીરીયલ્સ, ગુજરાતી-હિન્દી ફિલ્મો, રંગભૂમિના ગીતો...શ્રી નિમેષ દેસાઈના સર્જનાત્મક પ્રદાનની સૂચિ લખીએ એટલી ઓછી છે, માત્ર ૨૪ વર્ષની ઉંમરે 'નસીબની બલિહારી' નામની ગુજરાતી ફિલ્મ બનાવીને ગુજરાતી સિનેમાને એક વળાંક આપ્યો. ઉપરાંત 'ઢોલીડો', 'કડક', 'સપનું બડું શેતાની', 'રાત રાણી', 'તોખાર', 'પાંખ વિનાનાં પતંગિયાં' જેવા અનેક પ્રયોગશીલ નાટકો શ્રી નિમેષ દેસાઈની દિગ્દર્શનની ઉચ્ચતમ સૂઝથી સર્જાયેલા રંગમંચ પરના જીવંત અવતરણો છે.

૧૪ મી તારીખે ઈશ્વરે ભલે Fade out માટે સ્વીચ પાડી, પણ પ્રકાશ ના ગયો...એ રહેશે સતત ...અવિરત

## The Nobel in economics rewards a pioneer of "nudges"

*Richard Thaler becomes one of very few behavioural economists to receive the discipline's highest honour*
*Free exchange Oct 9th 2017*
*by K.K.*

NOT long ago, the starting assumption of any economic theory was that humans are rational actors who maximise their utility. Economists summarily dismissed anyone insisting otherwise. But over the past few decades, behavioural economists like Richard Thaler have progressively chipped away at this notion. They combine economics with insights from psychology to show how heavily economic decisions are influenced by cognitive biases. On October 9th Mr Thaler's work was recognised at the highest level when the Nobel Committee awarded him this year's prize in economics. Mr Thaler thus becomes one of very few behavioural economists to win the prize.

Mr Thaler's has been a prolific career, spanning over four decades, the last two of them at the University of Chicago's Booth School of Business. His research has touched on subjects as varied as asset prices, personal savings and property crime. For example, Mr Thaler developed a theory of mental accounting, which explains how people making financial decisions look only at the narrow effect of individual decisions rather than the whole effect. (Indeed, he is one of the founders of the sub-discipline of behavioural finance.) The Nobel committee also highlighted Mr Thaler's research on self-control, that is, the tension between long-term planning and short-term temptations.

The new laureate has also worked to bring his arguments to a wider audience. For the benefit of fellow economists not well versed in (or dismissive of) behavioural theories, he wrote a regular column for the *Journal of Economic Perspectives*, a prestigious journal, recounting instances of economic behaviour that violated classical microeconomic theory. For a general audience, he wrote several books on behavioural economics, starting with "Quasi-Rational Economics" in 1991.

But Mr Thaler is perhaps most famous as a pioneer of "nudging": the use of behavioural insights as a public-policy tool. Although the idea of nudging is not new, and firms have long employed behavioural science to shape their customers' behaviour, governments of the past used psychology only sporadically.

That started to change when Mr Thaler and Cass Sunstein, a legal scholar at Harvard University, co-authored a book, "Nudge", in 2008. The book attacked the assumption of rational decision-making in economic models and showed how context could be changed to "nudge" people to make better choices. In 2010 Mr Thaler advised the British government on the creation of the Behavioural Insights Team, a unit that sought to put their ideas into practice. The wildly successful government unit has since been spun out into a quasi-private company and now advises governments around the world.

From a renegade offshoot within economics departments just a few decades ago, behavioural economics has gained an established place not only within academia, but also within government departments around the world. From Australia to America, as well as within organisations like the World Bank and UN, the "nudging" approach has been copied. The Nobel Committee's decision to honour Mr Thaler is of course a recognition of his personal achievements. But it is also a testament to the newfound importance of his discipline.

Courtesy: Rajendrasinh Jadeja

|| અભ્યાસ ||

# યોગ અંગેની ભ્રામક માન્યતાઓ

પી. ડી. શર્મા

આજના આ આધુનિક યુગમાં 'યોગ' એ ખૂબ જ લોકપ્રિય બનેલી વિદ્યા છે. વિશ્વના અણમોલ ખજાના જેવી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તરફથી મનુષ્ય જાતિને મળેલી આ સૌથી અમૂલ્ય ભેટ છે. પણ દુઃખદ વાત એ છે કે આજે સાચા અર્થમાં જનસમાજમાં યોગનો જે પ્રચાર થવો જોઈએ તે ન થતાં ભ્રામક પ્રચાર જ વધતો જાય છે. જયારે કોઈપણ વિષય બહુ લોકપ્રિય બની જાય છે ત્યારે કેટલાક સ્વાર્થી મનુષ્ય પોતાનો સંકીર્ણ સ્વાર્થ પૂરો કરવા માટે તે લોકપ્રિયતાનો લાભ ઉઠાવવાનું શરૂ કરી લે છે. યોગની પવિત્ર વિદ્યા આજે એક સામાન્ય પરિવર્તિત 'જિમ્નાસ્ટિકસ' (અંગકસરત)ના રૂપમાં ફેરવાઈ છે.પરંતુ ઈશ્વરના આશીર્વાદથી યોગને સંપૂર્ણ કલુષિત કરવાનો પ્રયાસ થયો નથી અને ભવિષ્યમાં થશે પણ નહીં કારણ કે યોગવિદ્યા તો સાગર સમાન છે.

**ભ્રામક માન્યતાઓ**

આજે સામાન્ય જનસમાજમાં યોગ પ્રત્યે વિવિધ ભ્રામક માન્યતાઓ જોવા મળે છે જેમાંની મુખ્ય આ મુજબ છે :

**૧. યોગ એક ચિકિત્સા પદ્ધતિ છેઃ**

યોગ એ કોઈ ચિકિત્સા પદ્ધતિ નથી કારણ કે બીમાર લોકોની સારવાર માટે તેનો ઉદ્ભવ થયો જ નહોતો. છતાં યોગના વિવિધ અભ્યાસમાં સારવાર કરવાની ક્ષમતા પણ છુપાયેલી છે. નિયમિત તેમજ યોગ્ય રીતે કરેલ યોગાભ્યાસ વિવિધ દેહધાર્મિક ક્રિયા સંબંધી અથવા મનોશારીરિક વ્યાધિ (Psycho-Physical Problem)ની સારવારમાં ખૂબ જ અસરકર્તા છે.યોગાભ્યાસ દ્વારા વ્યકિતત્વના મનોમયકોશ પર નિયંત્રણ મેળવી બધા જ પ્રકારની વ્યાધિ પર નિયમન પ્રાપ્ત કરી શકાય છે. યોગની વિશેષતાઓને કારણે આપણે માત્ર તેને ચિકિત્સા પદ્ધતિ માનીએ તો યોગની વ્યાપકતા અને વિશાળતાને આપણે સંકુચિત કરી નાખીએ છીએ.


**૨. યોગ સૌંદર્યવર્ધક સાધન છેઃ**

વિશેષ કરીને બેહેનોમાં આજે યોગની લોકપ્રિયતા વધવાનું મુખ્ય કારણ એ છે કે યોગાભ્યાસથી સૌંદર્ય વધે છે, શરીર સુડોળ બને છે. પરંતુ સાચા અર્થમાં યોગના અભ્યાસમાં શરીરના બાહ્યસૌંદર્યને વધારવા કરતાં વ્યક્તિના આંતરિક સૌંદર્યને વધારવા ઉપર વિશેષ ભાર આપવામાં આવે છે. માત્ર બહારના દેખાવ સાથે તેને કોઈ સંબંધ નથી.યોગમાં આસન,પ્રાણાયામ જેવા શારીરિક અભ્યાસનો સમાવેશ કરવામાં આવ્યો છે. એટલું જ નહિ પણ સાથે સાથે મનુષ્ય વ્યક્તિના બધા જ પાસાઓ જેવા કે શરીર,શ્વાસ,મન,બુદ્ધિ અને છેલ્લે ચેતનાના વિકાસનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે.

**૩. યોગ એક ધર્મ છેઃ**

ઘણા લોકો એમ માને છે કે યોગ એક ધર્મ છે.તેના અભ્યાસ માટે કોઈ ચોક્કસ પ્રકારના ઈશ્વર પર શ્રદ્ધા રાખવી જરૂરી છે. તેની સાધનામાં ચોક્કસ પ્રકારના ક્રિયાકાંડ કરવા જરૂરી છે. પરંતુ હકકીતમાં તો યોગ એક માનવધર્મ છે.દુનિયાના બધા પ્રાચીન ધર્મોમાં યોગ એક મહત્ત્વનો હિસ્સો છે. કોઈપણ સંપ્રદાય કે ધર્મના લોકો પોતાના જ સંપ્રદાય કે ધર્મના લોકો પોતાના જ સંપ્રદાય કે ધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને યોગનો અભ્યાસ વ્યવસ્થિત

(અનુ. પાન નં.૩૬)



|| આયુર્વેદ ||

# શરદઋતુમાં વિરેચન-આયુર્વેદોક્ત શોધનક્રિયા

**ડૉ. મલ્હારી કે. સરદેશપાંડે[1], ડૉ. અમીતા પટેલ[2]**

વર્ષાઋતુ પછી ફરીથી સૂર્યની ઉષ્ણતાનો અનુભવ થાય ત્યારે શરદઋતુનો પ્રારંભ થાય છે. શરદઋતુ સામાન્ય રીતે ઓકટોબર-નવેમ્બર માસમાં આવે છે. આ ઋતુમાં પિત્તનો પ્રકોપ થાય છે. તે માટે શોધન ચિક્તિસા કરવામાં આવે છે.

આયુર્વેદ શાસ્ત્રની અંતર્ગત પંચકર્મ ચિક્તિસા એ આયુર્વેદનું હૃદય છે. પંચકર્મ વગર આયુર્વેદ વિચારવું એ નિરર્થક છે. પંચકર્મ શોધનચિક્તિસા એ એક અગત્યની ચિક્તિસા છે.

સામાન્ય ભાષામાં કહીએ તો શોધન એટલે શુદ્ધિ. આપણે રોજિંદા જીવનમાં દિનચર્યારૂપે શરીરને શુદ્ધ કરતા હોઈએ છીએ પરંતુ શરીરની આંતરિક શુદ્ધિ એક અલગ પાસું છે.

એક દૃષ્ટાંત રૂપે કહીએ તો આપણે આપણા ઘરની રોજ સફાઈ કરતા હોઈએ છીએ પરંતુ જ્યારે દિવાળી જેવા વિશેષ તહેવાર આવે ત્યારે આપણે ઘરના એક એક ખૂણાની બારીકાઈથી સફાઈ કરતા હોઈએ છીએ, તે જ રીતે આપણા શરીરની સફાઈ પણ આપણે ઋતુ અનુસાર કરવી જોઈએ.

શાસ્ત્રમાં બતાવ્યું છે કે-

શરીરજાણાં દોષાણાં ક્રમેન પરમૌષધમ્।
બસ્તિઃ વિરેકો વમનં તથા તૈલં ધૃતં મધુ।।

અર્થાત શાસ્ત્રમાં ઋતુચર્યા અનુસાર વસંતાઋતુમાં વમન, શરદઋતુમાં વિરેચન અને વર્ષાઋતુમાં બસ્તિકર્મ દ્વારા શરીરની શુદ્ધિનું વર્ણન મળે છે. આ કર્મો દ્વારા શરીરની શુદ્ધિ કરી શકાય.

શોધન ચિકિત્સાથી ફક્ત આંતરડા(પેટ)ની શુદ્ધિ થતી નથી, પરંતુ શરીરના દરેક કોષોની શુદ્ધિ થાય છે. દરેક મનુષ્યના શરીરમાં ત્રિદોષ -વાત, પિત્ત અને કફ રહેલા હોય છે. દરેકના શરીરમાં ત્રિદોષનું પ્રમાણ અલગ-અલગ હોય છે. પરંતુ વાત્ત, પિત્ત અને કફની તુલના શરીરમાં જરૂરી છે. દરેક વ્યક્તિમાં ત્રિદોષ અલગ માત્રામાં હોય છે. જે આયુર્વેદ ભાષામાં પ્રકૃત્તિ તરીકે ઓળખાય છે.

સ્વસ્થની પરિભાષા કહીએ તો-
સમદોષઃ સમાગ્નિશ્ચ સમધાતુ મલઃક્રિયા।
પ્રસન્નાત્મેન્દ્રીય મનઃ સ્વસ્થ ઈત્યભિધિયતે।.(સુ. સૂ.૧૫)

અર્થાત્ જે વ્યક્તિમાં વાત, પિત્ત અને કફની અવસ્થા યોગ્ય માત્રામાં (સમાન)હોય, જેનો અગ્નિ સમાન હોય, મલક્રિયા યોગ્ય હોય, જેનું મન પ્રસન્ન હોય તે સ્વસ્થ તરીકે ઓળખાય છે.

પૂર્ણ રીતે સ્વસ્થ રહેવા માટે ઋતુ અનુસાર શોધન કરાવવું જરૂરી છે. શોધન રોગી માટે જ નહીં પરંતુ વ્યક્તિને સ્વસ્થ રાખવા માટે અત્યંત પાયારૂપ છે.

દોષાઃ કદાચિત્ કુપ્યન્તિ જીતા લંઘનપાચનૈઃ।
યેતુ સંશોધનૈઃ શુદ્ધા નતેષાં પુનરુદ્ભવાઃ।। (ચ. સૂ.૧૬)

શોધન ચિકિત્સા સિવાય રોગોને દૂર કરવા માટે લંઘન , પાચન, શમન ઈત્યિાદી ચિક્તિસાનું વર્ણન છે પરંતુ આ તમામ ચિકિત્સા અપુનર્ભવ ચિકિત્સા નથી. જે દોષોની ચિકિત્સા દ્વારા શુદ્ધિ કરવામાં આવે ત દીર્ઘકાળ સુધી કાબૂમાં રાખી શકાય છે. જ્યારે અન્ય ચિકિત્સા દ્વારા રોગ ફરી પેદા થવાની સંભાવના રહે છે. શોધન દ્વારા રોગ ફરી પેદા થવાની સંભાવના રહેતી નથી.

દોષાણાંચ દ્રુમાણાંચ મૂલે અનુપહતે સતિ।
રોગાણાં પ્રસવાણાંચ જાતાનાં આગતિર્ધ્રુવા।(ચ.સૂ. ૧૬)

### શોધનનો ઉદ્દેશ અને મહત્ત્વઃ

૧) મહાકોષ્ઠ (G.I.Tract) ના માધ્યમથી પૂરા શરીરમાં કોષોના સ્તર સુધી ત્રિદોષનું સામ્ય પ્રસ્થાપિત કરવું એ ઉદ્દેશ છે.

૨) જે રોગ મટી ગયો હોય તે ફરી ભવિષ્યમાં ન ઉદ્ભવે એ પણ શોધનનો જ ઉદ્દેશ છે.

### કફ -દોષચિકિત્સા દૃષ્ટાંતરૂપે

૧) થોડું પાણી એક પાત્રમાં ભરીને હવામાં મૂકવાથી તે આપોઆપ સૂકાઈ જાય છે.-શમન ચિકિત્સા.

૨) વધારે પાણીમાં માટી નાંખી હવામાં રાખવાથી ધીમે ધીમે તે પણ સૂકાઈ જાય છે. -શમન ચિકિત્સા

૩) પરંતુ જ્યારે અત્યધિક પાણી હોય તો તે સૂકાતું નથી. તેને કાઢવા માટે તેને અવરોધરૂપે નડતી દીવાલને તોડીને પાણી બહાર કાઢવું પડે છે. એ પોતાની જાતે સૂકાતું નથી. -શોધન ચિકિત્સા

તે જ રીતે આપણા શરીરમાં પ્રભૂત માત્રામાં વૃદ્ધિ પામેલ કફ દોષ વસંતઋતુમાં શોધન ચિકિત્સા વમન દ્વારા કાઢીને વસંતઋતુમાં થતાં રોગો પર કાબૂ મેળવી શકાય છે.

અપતર્પણમ અપિ ચ ત્રિવિધં -લંઘનં, લંઘનપાચનં, દોષાવસેચનં ચ ઈતિ. (ચ.વિ. ૩)

અર્થાત્ લંઘન, પાચન દ્વારા જે રોગોનું શમન ન થાય તેના માટે શોધન ચિક્ત્સિા જ શ્રેષ્ઠ છે.

**પિત્તજ દોષ (વિકાર) ચિકિત્સા દૃષ્ટાંતરૂપે**

૧) ઘરના એક ખૂણામાં અગ્નિ (આગ) હોય તો આપણે ઘરમાં ઠંડા પાણીનો છંટકાવ કરીને ઠંડક મેળવી શકાય. -શમન ચિકિત્સા

૨) પરંતુ જ્યાંથી એ સળગે છે એનો જ નાશ કરી દઈએ તો પૂરા રૂમમાં (ઓરડામાં ) ઠંડક થઈ જાય છે.-શોધન ચિકિત્સા

આ ઉદાહરણરૂપે આપણા શરીરમાં શરદઋતુમાં અધિક ઉત્પન્ન થતા પિત્તજ વિકાર /પિત્તની વૃદ્ધિમાં શોધન ચિકિત્સા વિરેચન દ્વારા પિત્તનું /પિત્તજ વિકારનું શમન કરી શકાય છે.

**વિરેચનની સર્વ સામાન્ય પદ્ધતિઃ**

પૂર્વ તૈયારી : વિરેચન માટે ૩ થી ૭ દિવસ સુધી રોગીને/સ્વસ્થ વ્યક્તિને કડવું ઘી (તિકત ઘી) પીવડાવવામાં આવે છે. ઘીથી શરીર સ્નિગ્ધ થઈ ગયા પછી તેલ દ્વારા ત્રણ દિવસ પૂરા શરીરમાં માલિશ (અભ્યંગ-મસાજ) અને શેક (સ્વેદન) કરાવવામાં આવે છે. આ દોષોને બહાર કાઢવાની પૂર્વ તૈયારી છે.

પ્રધાન કર્મ : વિરેચનના દિવસે રોગી/સ્વસ્થ વ્યક્તિને સવારે માલિશ -શેક કર્યા પછી વિરેચન ઔષધિ (દવા) પીવડાવવામાં આવે છે. જેનાથી રોગીને પોતાના કોઠા અનુસાર પાંચથી દસ વાર (બલાનુસાર) ઝાડા થાય છે.

સંસર્જન કર્મ : ઝાડા બંધ થયા પછી એક અઠવાડિયા સુધી આહારનું વિશેષ ક્રમનું પાલન કરાવવામાં આવે છે.

ત્યાર બાદ પહેલાં જેટલી ભૂખ લાગ્યા બાદ અને શક્તિ આવ્યા પછી આવશ્યકતા અનુસાર /રોગાનુસાર દવા આપવામાં આવે છે.

વિરેચન દ્વારા વિશેષતઃ અમ્લપિત્ત, પિત્તને લગતા રોગો, ચામડીનાં રોગો, અનેક પ્રકારના શૂલ (દુઃખાવા) અનિદ્રામાં ઉત્તમ લાભ થાય છે.

[1]પ્રિન્સિપાલ અને સુપ્રિન્ટેન્ડેન્ટ, [2]એમ. ઓ.
એસ. જી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ એન્ડ મેટરનિટી હોમ.

---

(અનુ. પાન નં.૧૧ પરનું)

પોપટ વાસ કરે છે. પરોઢે કલરવતાં પંખીટોળાં ઊડી જાય છે ને સાંજે પાછાં વળે છે. પીળક, કંસારો, નવરંગ, પતરંગા, શોબિગી, હરિયલ, દૈયડ, ખેરખટ્ટો-જેવાં પંખીઓ પણ અહીં જોવા મળે છે. ઘરઆંગણાનાં ને ખેતરસીમનાં પંખીઓ તો ખરાં જ ખરાં! ખેતી માટે પ્રયોગ કરનારા ને પર્યાવરણ માટે ઝૂઝનારાં પણ અહીં સક્રિય છે. કવિ -લેખકો, ચિત્રકારો, શિલ્પીઓ ને સંગીતકારો-ગાયકો પણ આ નગરનાં ઘરેણાં જેવા છે. અમૂલ -ઈરમા-સરદાર મેમોરિયલ-શ્રી કૃષ્ણ હોસ્પિટલ/મેડિકલ કૉલેજ-વિઝિટ કરવા જેવાં સ્થળો છે. કૃષિ યુનિવર્સિટીનું કેમ્પસ પણ નમૂનેદાર છે .તીર્થક્ષેત્રો પણ હોય એ સહજ છે.

યુ.કે.-અમેરિકા-ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ-સમેત દુનિયામાં જ્યાં જઈએ ત્યાં વલ્લભવિદ્યાનગરમાં ભણેલો ઈજનેર-દાકતર-અધ્યાપક-સીએ-વ્યાપરી મળે જ મળે! આજે વલ્લભવિદ્યાનગરનો ચહેરો બદલાવા માંડ્યો છે. આણંદ અને આસપાસનાં ગામો હવે વિદ્યાનગર સુધી આવી ગયાં છે-વિદ્યાનગરની અસ્મિતા ને ઓળખ જાળવવા માટે પંચાયત, મંડળો, યુનિવર્સિટી, વેપારી મંડળો વચ્ચે ચર્ચા થતી નથી. સ્વાર્થ વધ્યો છે-ચિંતા કરનારા હવે લઘુમતિમાં છે.

મને તો વલ્લભવિદ્યાનગર વ્હાલું છે. હું એને છોડીને મુંબઈ તથા અમદાવાદનાં નિમંત્રણો છતાં, ગયો નથી. આ ગામ મારું ખોળિયું છે.-મારો જીવ અહીં ઠર્યો છેઃ વલ્લભવિદ્યાનગર વ્હાલું રે વૈકુંઠ નહિ આવું !!

(તા. ૧ થી ૩ નવેમ્બર ૨૦૧૭)

સહજ બંગલો, ઑફ બાકરોલ રોડ, વલ્લભવિદ્યાનગર

|| અહેવાલ ||

## સરદાર વંદના

**એસ. કે. ઉપાધ્યાય**

તા.૩૧ ઓક્ટોબર, ૨૦૧૭ ના રોજ સરદાર પટેલનો ૧૪૩મો જન્મદિન પરંપરાગત આનંદ-ઉલ્લાસ સાથે દેશભરમાં ઉજવાયો.

ચારુતર વિદ્યામંડળના ઉપક્રમે વલ્લભવિદ્યાનગર ખાતે વિશિષ્ઠ ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૮-૪૫ કલાકે સરદાર પટેલની વિરાટ પ્રતિમાને પુષ્પાંજલિ કરવામાં આવી હતી. ચારુતર વિદ્યામંડળ ઉપરાંત ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ, ચારુતર આરોગ્ય મંડળ, સરદાર પટેલ યુનિવર્સિટી અને વલ્લભવિદ્યાનગર નગર પાલિકાના હોદ્દેદારો તથા સદસ્યો મોટી સંખ્યામાં હાજર હતા.

ત્યાર બાદ સવારે ૯-૦૦ કલાકે બ્રહ્માજીની પ્રતિમાના સાનિધ્યમાં મુખ્ય મંચ પર ખાસ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં રમા-મનુભાઈ દેસાઈ કૉલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સના કલાવૃંદ દ્વારા પ્રાર્થના રજૂ કરાઈ હતી. સી.વી.એમ.ના માનદ સહમંત્રી શ્રી વી.એમ. પટેલે શાબ્દિક સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. નાદુરસ્ત તબિયતના કારણે અનુપસ્થિત રહેલા અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલ સાહેબની શુભેચ્છાઓનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

સરદાર પટેલ વિષયક દેશની પ્રથમ સંશોધન સંસ્થા સેરલિપ દ્વારા સરદાર સંબંધિત વિવિધ વિષયો પર અગાઉ યોજાયેલ વકતૃત્વ તથા નિબંધ સ્પર્ધાના વિજેતાઓ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન સંક્ષિપ્તમાં રજૂ કરાયા હતા, જેમાં ટી. વી. પટેલ ઉ. મા. શાળાના અર્શનાઝ વ્હોરા, સેમકોમ કોલેજના ધાર્મિક દેસાઈ, સેરલિપના રીયાઝ દીવાન, સેરલિપનાં બીના રાઠવા વગેરેએ માહિતી સભર રજૂઆત કરી હતી. નલિની-અરવિંદ આર્ટસ કોલેજના પ્રિ. ડો. જી. એન. ગઢવીએ સરદાર સાહેબના સ્મરણો રજૂ કર્યા હતા.


મહાનુભાવોના પ્રાસંગિક ઉદ્‌બોધન અંતર્ગત સરદાર પટેલ યુનિ. ના વાઈસ ચાન્સેલર પ્રો. શિરીષ કુલકર્ણીએ સરદારના વૈચારિક સિદ્ધાંતોને જાળવી અમલ કરવાનો અનુરોધ કર્યો હતો ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના અધ્યક્ષ શ્રી વિક્રમભાઈ સી. પટેલે વિદ્યાનગરની સ્થાપના સમયના સરદારશ્રી, પૂ. ભાઈકાકા તથા ભીખાભાઈ સાહેબના પ્રસંગોનું સ્મરણ કરાવ્યું હતું.

સેરલિપ આયોજિત સ્પર્ધાઓના વિજેતાઓનું પુસ્તક, પ્રમાણપત્ર તથા ટ્રોફી દ્વારા મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું હતું.

સમારંભના અધ્યક્ષ અને સી.વી.એમ. ના માનદમંત્રી શ્રી ડૉ. એસ. જી. પટેલે અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં સરદાર સાહેબના સદ્‌ગુણોની યાદ અપાવી હતી. તેમનું વ્યક્તિત્વ, સંકલ્પશક્તિ, કાર્યનિષ્ઠાને બિરદાવ્યા હતા. અંતમાં સેરલિપનાં ઈન્ચાર્જ ડાયરેક્ટર ડૉ.અર્ચના બંસોડે આભારદર્શન કર્યુ હતું. આ પ્રસંગે સી.વી.એમ.ના હોદ્દેદારો સર્વ શ્રી બી. પી. પટેલ, એમ. જે. પટેલ, ડૉ નિખિલ ઝવેરી, ડૉ. સુલભા નટરાજ, વિનોદિનીબેન પટેલ, પૂર્વ હોદ્દેદારો પ્રિ. એસ. એમ. પટેલ, ડૉ. એસ. વી. વૈષ્ણવ, દાતા વાસંતીબેન, વિવિધ સંસ્થાઓના વડા, અધ્યાપકો, શિક્ષકો વગેરે હાજર હતા.

એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ, વિદ્યાનગર

## || અભિનંદન ||



ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલયમાં અર્થશાસ્ત્ર વિષયમાં ફરજ બજાવતા પ્રા. નરસિંહભાઈ એસ.પરમારે 'ગુજરાતમાં લઘુ ઉદ્યોગોમાં માંદગી-મેક્રો એન્ડ માઈક્રો અસ્પેક્ટ' વિષય પર શોધનિબંધ રજૂ કર્યો હતો, જેને સરદાર પટેલ યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરેલ છે. તેમણે આ સંશોધન કાર્ય અર્થશાસ્ત્ર વિભાગના વડા પ્રો. ડૉ. એચ.પી. ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સંપન્ન કર્યું છે. કૉલેજનાં આચાર્યા શ્રી ડૉ. કેતકીબેન શેઠ અને સમગ્ર બી.જે.વી.એમ. પરિવાર તરફથી તેઓને શુભેચ્છાઓ.

## || કૉલેજવૃત ||

### બી. જે. વી. એમ. કોમર્સ કોલેજ

તારીખ ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમિયાન ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ ખાતે ગુજરાત રાજ્ય રાષ્ટ્રીય સેવા યોજના દિનની ઉજવણી નિમિત્તે વિવિધ રાજ્યકક્ષાની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં બી. જે. વી. એમ. કોમર્સ કોલજના એન. એસ. એસ. ના સ્વયંસેવક સર્વશ્રી કિશન કોઠીયાએ ફોટોગ્રાફી પ્રદર્શનમાં અને સાગર ભંડેરીએ વકતૃત્વ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. જે બદલ ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજના માનનીય કુલપતિ શ્રી ડૉ. સી. બી. જાડેજાએ પ્રમાણપત્ર અને મેમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. વિશેષ સરદાર પટેલ યુનિવર્સિટીના ટીમ મેનેજર તરીકે NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. પરેશ મોરધરાએ સેવા આપી હતી. આ વિશેષ સિદ્ધિ બદલ સર્વેને ચારુતર વિદ્યામંડળના માનનીય અધ્યક્ષ શ્રી ડૉ. સી. એલ. પટેલ, માનદ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, ડાયરેક્ટર જનરલ શ્રી ડૉ. નિખિલ ઝવેરી, સરદાર પટેલ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડૉ. શિરીષ કુલકર્ણી, કા. કુલ સચિવ શ્રી તુષાર મજમુદાર, એન. એસ. એસ. વિભાગના કો-ઓર્ડિનેટર શ્રી ડૉ. ગુરસેવકસિંઘ, કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ. કેતકી શેઠ તથા કોલેજ પરિવારના સર્વે સભ્યો તેમજ વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

### NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. પરેશ મોરધરા તથા સ્વયંસેવક કેવલ પાવરાને રાજ્ય કક્ષાના એવોર્ડ

વલ્લભવિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય (બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ) વલ્લભવિદ્યાનગરના NSS વિભાગના પ્રોગ્રામ ઓફિસર, ડૉ. પરેશ મોરધરા તથા સ્વયંસેવક કેવલ પાવરાને રાષ્ટ્રીય સેવા યોજના ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી-ભુજ ખાતે શ્રી કમલ કુમાર કર, રીજીઓનલ ડિરેક્ટર NSS, ભારત સરકાર તથા ડૉ.આર. કે. પટેલ, રાજ્ય NSS અધિકારી, ગુજરાત સરકાર તથા ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજના માનનીય કુલપતિ શ્રી ડૉ. સી. બી. જાડેજાના શુભ હસ્તે 'ગુજરાત રાજ્ય રાષ્ટ્રીય સેવા યોજના પુરસ્કાર-૨૦૧૬-૧૭' એનાયત થયા હતા. આ વિશેષ સિદ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળના માનનીય અધ્યક્ષ શ્રી ડૉ. સી. એલ. પટેલ, ડાયરેક્ટર જનરલ શ્રી ડૉ. નિખિલ ઝવેરી, સરદાર યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડૉ. શિરીષ કુલકર્ણી, કા. કુલસચિવ શ્રી તુષાર મજમુદાર, NSS વિભાગના કો-ઓર્ડિનેટર શ્રી ડૉ. ગુરુસેવકસિંઘ, કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. કેતકીબેન શેઠ તથા કૉલેજ પરિવારના સર્વે સભ્યો તેમજ વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

### આઈસ્ટારમાં સ્કિલ ડેવલપમેન્ટ કાર્યશાળા

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટારમાં તાજેતરમાં અધ્યાપકોની શિક્ષણશૈલી તેમજ કાર્યદક્ષતા વિશે ત્રિ-દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિપદે પ્રો. સુલભા નટરાજને શિક્ષકોને અભ્યાસ પદ્ધતિ પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં નંદિતા આચાર્ય, દિપાલી ગાંધી અને ભૂમિકા માંગરોલાએ વક્તવ્ય આપ્યાં હતાં. કાર્યશાળામાં સૌ અધ્યાપકો હાજર રહ્યાં હતાં. સંસ્થાના નિયામક પ્રો. નિર્મલકુમારે સૌને બિરદાવ્યા હતા.

### આઈસ્ટાર કૉલેજમાં એશિયન પેઈન્ટસ દ્વારા શિષ્યવૃત્તિ

આઈસ્ટાર કૉલેજમાં સરફેસ કોટિંગ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ૫ વિદ્યાર્થીઓને એશિયન પેઈન્ટસ ચેરીટેબલ દ્વારા પ્રોત્સાહક શિષ્યવૃત્તિ પેટે આર્થિક સહાય રૂ. ૫૧,૮૦૦/- પ્રતિ વિદ્યાર્થીને આપવામાં આવી હતી. પ્રતિવર્ષ આ સહાય વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. આ બાબતે સરફેસ કોટિંગ ટેકનોલોજીના વડા ડૉ. કલ્પેશ પટેલ અને આઈસ્ટાર કૉલજના નિયામક ડૉ. નિર્મલકુમારે વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી હતી

### આઈસ્ટાર ખાતે યોજાયેલ વાર્તાલાપ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર ખાતે તાજેતરમાં વિદ્યાનગર સ્થિત ઈસ્કોન મંદિર દ્વારા એક

દિવસીય વાર્તાલાપ યોજાયો હતો. જેમાં સંસ્થાના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓએ ભાગ લીધો હતો. ઈસ્કોન મંદિર તરફથી મુખ્ય પ્રવક્તા શ્રી જગદીશ સલાલે 'સ્ટ્રેસ મેનેજમેન્ટ' પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં જીવનમાં વધતી જતી સમસ્યાઓનો ઉકેલ, સામાજિક અને આર્થિક બોજો તેમજ કૌટુંબિક અને આર્થિક ચિંતાઓ વિષે વિવિધ કારણો અને તેના ઉકેલ વિશે માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના નિયામક શ્રી ડૉ. નિર્મલકુમારે અભિનંદન પાઠવ્યા હતા.

**|| શાળાવૃત્ત ||**

**ગો. જો. શારદામંદિર**

**''છોકરીને વિકટીમ કાર્ડ નહિ, ઓળખકાર્ડની જરૂર છે''-મેઘા જોશી**

અત્રેની ગોજો શારદામંદિર શાળામાં 'તજ્જ્ઞ લેકચર સિરીઝ' અંતર્ગત કટારલેખિકા તેમજ સાયકોલોજીસ્ટ મેઘા જોશીનું વક્તવ્ય યોજાયું. દીકરીને 'ગુડગર્લ' તરીકે આપણો સમાજ દયા ખાઈને વિકટીમ કાર્ડ તરત આપી દે છે. પરંતુ ઓળખ મેળવવા માટે છોકરીએ ખુદ કટિબદ્ધ થવું પડશે. આજના 'ઈ'યુગમાં આપણા જીવનમાં ક્યા 'ઈ' મહત્ત્વના છે એની છણાવટ કરી હતી. આઈડેન્ટીટી એટલે કે પોતીકી ઓળખ મેળવવા માટે એજ્યુકેશન, ઈમોશનલ ઈન્ટેલીજન્સ, જાતને ઇન્ટરેસ્ટીંગ બનાવવું વગેરેની છણાવટ કરી હતી. શાળાનાં આચાર્યા શ્રીમતી રીટાબેન પટેલે પણ વિદ્યાર્થિનીઓને સંબોધી વ્યક્તિત્વ વિકાસની આ પાયાની ઉંમરનું મહત્ત્વ સમજાવ્યું હતું. દીકરીઓ માટે આવા વર્કશોપ તથા સેમિનારનું આયોજન એ એક ઉત્તમ ભવિષ્ય આપવાની શરૂઆત છે.

---

(અનુ. પાન નં.૩૧ પરનું)

રીતે કરી શકે છે. યોગાભ્યાસ દ્વારા વ્યક્તિના આંતરિક વ્યક્તિત્વનો વિકાસ થતાં તે આત્માસાક્ષાત્કાર તરફ જાય છે. આના માટે કોઈ વિશેષ પ્રકારના દુ:ખ, મર્યાદા, પૂર્વગ્રહો, અંધશ્રદ્ધાથી અલગ થઈને તેની ઉપર ઊઠીને એક સ્વાધીન (સ્વ-આધીન) અવસ્થા પ્રાપ્ત કરવામાં મદદરૂપ બને છે, અર્થાત્ યોગ કોઈ વિશેષ ધર્મ માટે નથી.

**૪ યોગ અમુક સિદ્ધિ પ્રાપ્ત કરવાનું સાધન છેઃ**

એ સત્ય છે કે નિયમિત તથા યોગ્ય રીતે યોગાભ્યાસ દ્વારા કેટલીક એવી શક્તિઓ પ્રાપ્ત થાય છે, જે સામાન્ય દૃષ્ટિમાં ચમત્કાર ગણી શકાય.પરંતુ યોગ કોઈ ચમત્કાર નથી, પરંતુ યોગ એક સુવ્યવસ્થિત વિજ્ઞાન છે. યોગમાં એવું કંઈ નથી જેની વૈજ્ઞાનિક રીતે વ્યાખ્યા ન કરી શકાય.યોગનું અંતિમ લક્ષ્ય કોઈ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરવાનું નથી. જે માત્ર સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે આતુર છે, તે ક્યારેય યોગનો ગહન અને સાચો અભ્યાસ નથી કરી શકતા.

**૫. યોગ ગૃહસ્થ જીવન માટે નથી :**

યોગનું નામ સાંભળતા જ આપણા મનમાં એક યોગી મહારાજ કે સંન્યાસીનું ચિત્ર આવી જાય છે, જેમણે મસ્તક પર જટા, લાંબી દાઢી, હાથમાં કમંડળ તથા ભગવા વસ્ત્રો ધારણ કરેલા હોય તથા જંગલમાં ફરતા હોય. સાચા અર્થમાં યોગની સાથે આવા બાહ્ય દેખાવોને કોઈ સંબંધ નથી. યોગ તો વ્યકિતના આંતરિક વ્યક્તિત્વમાં હકારાત્મક પરિવર્તન લાવવા માંગે છે.યોગાભ્યાસ માટે જંગલમાં જવું કે ઉપરોકત વેશ ધારણ કરવો ફરજિયાત નથી.એક સદ્ગૃહસ્થ પોતાના ગૃહસ્થ જીવનનું કર્તવ્ય નિભાવતા નિભાવતા સંસારમાં રહી સારી રીતે યોગાભ્યાસ કરી શકે છે.

**૬. યોગ એ કસરત છે :**

યોગ વિશે એવી પણ માન્યતા છે કે યોગ એક પ્રકારની કસરત છે. કસરત શારીરિક હલનચલન દ્વારા કરવામાં આવે છે. જયોર યોગને કસરતના રૂપમાં સમજીએ તો યોગની વ્યાપ્તિને સંકીર્ણ કરી દઈએ છીએ. દા. ત. આસન અને પ્રાણાયામ જેવા અભ્યાસને શારીરિક રૂપમાં લઈ શકાય, પરંતુ યોગમાં અન્ય ઘણા અભ્યાસ છે જે શારીરિક કરતાં વધારે માનસિક છે, દા. ત. ધારણા, ધ્યાન, સમાધિ વગેરે. આથી યોગને માત્ર કસરતના રૂપમાં વિચારવું એ ભ્રામક માન્યતા જ છે.

આમ ઉપર જણાવેલ ભ્રામક માન્યતાઓમાંથી બહાર આવ્યા વગર યોગને સમજવાનો પ્રયત્ન કરવો એ અંધજનોને હાથીને ઓળખાવ્યા બરાબર જ બની રહે છે. આથી યોગના સાચા સ્વરૂપને ઓળખવા માટે આવી ભ્રામક માન્યતાઓમાંથી બહાર આવવું ખૂબ જરૂરી છે, કારણ કે યોગવિદ્યા એક જીવંતવિદ્યા છે.

બી-૧, સ્વિસ એવેન્યુ, પટેલ કૉલોની, માણેકબાગ હોલ સામે, આંબાવાડી, અમદાવાદ મો. ૯૮૯૮૮૭૦૮૪૦



સીવીએમ સંચાલિત આઈસ્ટાર કૉલેજના સરફેસ કોટિંગના વિદ્યાર્થીઓ એશિયન પેઈન્ટસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા એનાયત થયેલ શિષ્યવૃત્તિના ચેક સાથે દશ્યમાન થાય છે. સંસ્થાના નિયામક શ્રી ડૉ. નિર્મલકુમાર, વિભાગના વડા ડૉ. કલ્પેશ પટેલ અને  ડૉ. મયંક પટેલ નજરે પડે છે.




સીવીએમ સંચાલિત ગો.જો. શારદામંદિર શાળામાં યોજાયેલ 'તજ્જ્ઞ લેક્ચર સિરીઝ' અંતર્ગત વિદ્યાર્થિનીઓને સંબોધતાં કટારલેખિકા તેમજ સાયકોલોજિસ્ટ મેધા જોષી તેમજ શાળાનાં આચાર્યા શ્રીમતી રીટાબેન પટેલ.

V-Vidyangar 19 (12)
Published on Monday, 4.12.2017
No. of Pages 40 including Cover
ISSN 0976-9609 V-Vidyanagar

December 2017

Postal Regd. No. AND/318/2015-17
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on 25th of Every Month




Editor: DR. Urvish Chhaya

Printed at Anand Press, Anand 388001

Printed, Published and Owned by Dr. S. G. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)